
કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૪૬ ● જૂન ૨૦૧૯




## માણસા નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧











૧. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ઠાકોરજીને ચંદનના વાઘાના દર્શન.
૨. મૂળી મંદિરમાં ઠાકોરજીને ચંદનના વાઘાના દર્શન.
૩. જેતલપુર મંદિરમાં ઠાકોરજીને ચંદનના વાઘાના દર્શન.
૪. ચંદાસણ (પૂર્ણાનંદ સ્વામીની કર્મભૂમિ)
શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને તે પ્રસંગે આયોજિત યજ્ઞમાં શ્રીફળ હોમતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.

NND - CALENDAR

અમદાવાદ કાલુપુર મંદિર દ્વારા
કેલેન્ડર તથા નિર્ણયની નવી એપ
એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. માટે
ડાઉનલોડ માટે ઉપલબ્ધ



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● સળંગ અંક : ૧૪૬

જૂન-૨૦૧૯

(મૂળ વર્ષ ૫૦)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭

મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭

પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે

ફોન : ૨૭૪૯૯૫૯૭

**www.swaminarayanmuseum.com**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**

**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**

**આજ્ઞાથી**

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**Mo. : 9099098969**

**magazine@swaminarayan.in**

**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા

**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રીજી મહારાજ સંસ્થાપિત નવધામ | ૦૬ |
| ૦૪. | મંદ મંદ હસતાં શ્રીહરિના દર્શન | ૧૦ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૨ |
| ૦૬. | પૂજ્ય મહારાજશ્રીનો કલ્યાણકારી સંકલ્પ | ૧૬ |
| ૦૭. | કંઠી | ૧૭ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૨૩ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૫ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૮ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૩૧ |

# અસ્મદીયમ્

આ યુગ ટેકનોલોજીનો યુગ છે. વિજ્ઞાન વિકાસતું ગયું તેમ તેમ આધુનિક ટેકનોલોજી આપણા ઘરમાં પણ આવવા લાગી. સમય પ્રમાણે બધું જરૂરી છે પણ અતિરેકત ન હોવો જોઈએ. ગમે તેવી ઠંડી ગરમીમાં પણ સહન કરવાની સમતા હોવી જોઈએ. આપણે પર્યાવરણને જાળવ્યું નથી તેથી તેનો ભોગ દરેકને બનવું પડે છે. આજના યુગના માણસે કુદરતે સર્જેલા જંગલો, વનો, નદી, સરોવર, સમુદ્ર, પહાડો, ખનીજ તત્વોની ખાણો વગેરેનો નાશ કરી નાખ્યો છે. જેના કારણે અતિશય ગરમી, ઠંડી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, જંગલોમાં ભયાનક આગ, ધરતીકંપ, વાવાઝોડું, સૂનામી જેવી કુદરતી આપત્તિના ભોગ બનવું પડે છે. જો આપણે અત્યારથી જ પર્યાવરણની જાળવણી માટે સતત જાગૃત બનીશું તો તેમાં જરૂર ફેર પડશે. સરકાર તરફથી તેના માટે ખૂબ જાગૃતતા આવી છે. પણ આપણે સ્વયં જાગૃત બનવાની જરૂર છે. આપણે આપણા ઘરથી શરૂઆત કરીશું તો ચોક્કસ આપણે ધ્યેય સુધી પહોંચીશું.

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આજથી ૨૨૫ વરસ પહેલા શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોક પૈકીના ૩૨ માં શ્લોકમાં સ્પષ્ટ લખ્યું છે. '**ને લોકને શાસ્ત્ર તેમણે મળ મૂત્ર કરવા ને અર્થે વર્જ્યા એવા સ્થાનક, જે જીર્ણ દેવાલય, તથા નદી તળાવના આરા તથા માર્ગ, વાવેલું ખેતર, વૃક્ષની છાયા તથા ફુલવાડી બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહીં.** જો આ શ્લોક પ્રમાણે સૌ વર્તે તો ક્યાંય જાહેર બોર્ડ મારવું ન પડે. સત્સંગી માત્રે આ શ્લોકનું અવશ્ય પાલન કરીને સ્વચ્છતા ખાસ જાળવવી. પાણીનો પણ બગાડ ન થાય તેનું વિશેષ ધ્યાન રાખવું. આ ચાતુર્માસમાં શ્રીહરિના આઠ નિયમોમાં જે કોઈ નિયમ લો તેમાં ખાસ **એક નિયમ પરિવાર દીઠ એક વૃક્ષ વાવવાનું નિયમ લેજો.** તેનો ઉછેર કરજો. દુનિયામાં એટલા બધા વૃક્ષો કપાય છે જે તેની સામે નવા વૃક્ષો તેટલા થતા નથી કે વાવવામાં આવતા નથી.

જેટલી પર્યાવરણની રક્ષા કરીશું તેટલી કુદરત આપણી રક્ષા કરશે. અમારા આ સૂચનને દરેક હરિભક્તમાત્રે શ્રીહરિની આજ્ઞા માનીને જરૂર તેનું પાલન કરશો તેવી અમને પણ આપ સૌ ઉપર શ્રધ્ધા છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ


# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની



# તવારીખ

(મે-૨૦૧૯)

| | |
|---|---|
| ૧ | લુણાવાડા બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨-૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) કથા પ્રસંગે પધરામણી. |
| ૬ | હરિપર (તા. ધ્રાંગધ્રા મૂળી દેશ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૮-૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૦ | માણસા નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીના પાટોત્સવ-અભિષેક પ્રસંગે પધરામણી. |
| ૧૧ | મીઠાખળી અમદાવાદ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. ત્યાંથી દેવપુરા (તા. વિરમગામ) બહેનોના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાયલ (સાબરકાંઠા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૬ | પલસાણા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના ૫૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૯ | મોરબી (જુનું) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૧-૨૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી. |
| ૨૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડાળ (તા. કડી) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૮ | મેમનગર ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિર ૨૦ માં પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૯ | હિંમતપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ પધરામણી. |
| ૩૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી. |




## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૧૯)

| | |
|---|---|
| ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર પલસાણા સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૯ | નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પધરામણી. |
| ૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૬ થી ૨૨ | સ્વીડનમાં સત્સંગ યુવા કેમ્પ પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થયો. ત્યાંથી લંડન પધરામણી. |


# શ્રીજી મહારાજ સંસ્થાપિત નવધામ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વહસ્તે નવધામના નિર્માણ સદ્ગુરુ સંતો થકી કરાવીને તેમાં સ્વહસ્તે નરનારાયણદેવ આદિ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી તે લીલાઓના પ્રસંગોને સંતોએ પોતાની રચનાઓમાં અનેક શાસ્ત્રો અને વાર્તા ગ્રન્થોમાં યથાર્થ વર્ણન કરેલ છે. તેમાંના કેટલાક શાસ્ત્રોના પ્રમાણોની નોંધ લઈને નવધામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો સંદર્ભ આ સાથે રજૂ કરીએ છીએ, જેથી મુમુક્ષુઓને તે ધામોની પ્રાણપ્રતિષ્ઠાઓના વર્ષ તિથિવારનું યથાર્થ જ્ઞાન થાય.

નોંધ : આ લેખમાં આપેલ પુસ્તકોમાં સર્વમંગલ સ્તોત્રની પુસ્તિકા ભુજ સ્વામિનારાયણ મંદિર તરફથી છાપેલ "સર્વમંગલ સ્તોત્ર, નામની પુસ્તિકા વિ.સં. ૧૯૯૦ માં તે વખતના આચાર્ય મહારાજશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ભુજ મંદિરના તે વખતના મહંત સ્વામી સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ મૂળ અસલ નંદ સંતોમાંથી લહીયા સ.ગુ. અવદાતાનંદ સ્વામીના હસ્તે લખાયેલ પ્રતના આધારે અમદાવાદના ઉત્કૃષ્ટ મુદ્રાણાલયમાં છાપેલ છે. તેનો આધાર લીધેલ છે. (નિર્ગુણ શાસ્ત્રી)



**(૧) અમદાવાદ (કાલુપુર) મંદિર**
**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૭૮, ફાગણ સુદ-૩ ઈ.સ. ૨૪-૨-૧૮૨૨**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૪, અધ્યાય-૨૫, શ્લોક-૬૦
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૩, અધ્યાય-૩૩, શ્લોક-૧૭
**ભક્તચિંતામણી :** પ્રકરણ-૮૬, કડી-૪૭
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૭૮, કડી-૮
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૮૫, શ્લોક-૫૦-૫૧
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૫૭
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૪૯, કડી-૧૯
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૨, તરંગ-૩૩
**પુરુષોત્તમપ્રકાશ :** પ્રકાર-૨૫, કડી-૮
**શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૨૨, તરંગ-૯૪, કડી-૫
**શ્રીહરિલીલા સુધાકર :** અધ્યાય-૮૯, શ્લોક-૮૭-૮૮
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૭૮૩



**(૨) મુળી મંદિર**
**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૭૯, મહા સુદ-૫**
**ઈ.સ. ૧૭-૧-૧૮૨૩**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૪, અધ્યાય-૪૪, શ્લોક-૩૮
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૩, અધ્યાય-૫૪, શ્લોક-૮
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૭૮, કડી-૫૮
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૯૦, શ્લોક-૧૧-૧૨
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૧૦૬
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૬૨, કડી-૨૧
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૩, તરંગ-૧૭
**શ્રીહરિલીલા સુધાકર :** અધ્યાય-૯૧, શ્લોક-૨૯
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૭૯૨




**(૩) ભુજ મંદિર**
**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૭૯, વૈશાખ સુદ-૫**
**ઈ.સ. ૧૫-૫-૧૮૨૩**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૪, અધ્યાય-૪૩, શ્લોક-૨૩
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૩, અધ્યાય-૫૪, શ્લોક-૩૨
**ભક્તચિંતામણી :** પ્રકરણ-૮૯, કડી-૧૪
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૭૮, કડી-૪૦
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૮૯, શ્લોક-૩૨
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૬૫
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૫૧, કડી-૧૧
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૩, તરંગ-૧૪
**પુરુષોત્તમપ્રકાશ :** પ્રકાર-૩૩, કડી-૮
**શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૨૫, તરંગ-૬૩, કડી-૪૦
**શ્રીહરિલીલા સુધાકર :** અધ્યાય-૯૧, શ્લોક-૧૯
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૭૯૮



**(૪) વડતાલ મંદિર**
**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૮૧, કારતક સુદ-૧૨**
**ઈ.સ. ૨-૧૧-૧૮૨૪**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૪, અધ્યાય-૪૭, શ્લોક-૪૫
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૩, અધ્યાય-૫૭, શ્લોક-૭
**ભક્તચિંતામણી :** પ્રકરણ-૯૦, કડી-૧૭
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૮૦, કડી-૫
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૯૪, શ્લોક-૨૪
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૬૨
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૫૧, કડી-૪૦
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૩, તરંગ-૨૫
**પુરુષોત્તમપ્રકાશ :** પ્રકાર-૨૫, કડી-૧૦
**શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૨૬, તરંગ-૩૫, કડી-૨૮
**શ્રીહરિલીલા સુધાકર :** અધ્યાય-૯૨, શ્લોક-૩૩
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૮૦૨




**(૫) જેતલપુર મંદિર**
**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૮૨, ફાગણ વદ-૮**
**ઈ.સ. ૩૧-૩-૧૮૨૬**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૪, અધ્યાય-૮૦, શ્લોક-૫
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૪, અધ્યાય-૪૨, શ્લોક-૩૪
**વચનામૃત :** જેતલપુર-૨
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૮૦, કડી-૩૩
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૯૯, શ્લોક-૩૫
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૧૦૪
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૬૨, કડી-૧૭-૧૮
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૪, તરંગ-૪૩
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૮૦૪



**(૬) ધોળકા મંદિર**
**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૮૩, વૈશાખ વદ-૫**
**ઈ.સ. ૧૬-૫-૧૮૨૭**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૪, અધ્યાય-૪૭, શ્લોક-૮૭
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૩, અધ્યાય-૫૭, શ્લોક-૨૦
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૮૦, કડી-૨૨
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૯૪, શ્લોક-૪૩
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૯૧
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૫૯, કડી-૧૯-૨૦
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૪, તરંગ-૪૩
**પુરુષોત્તમપ્રકાશ :** પ્રકાર-૩૩, કડી-૯
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૮૦૪



## (૭) ધોલેરા મંદિર

**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૮૨, વૈશાખ સુદ-૧૩**
**ઈ.સ. ૨૦-૫-૧૮૨૬**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૪, અધ્યાય-૮૦, શ્લોક-૬૬
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૪, અધ્યાય-૪૨, શ્લોક-૬૧
**ભક્તચિંતામણી :** પ્રકરણ-૯૭, કડી-૪૭
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૮૪, કડી-૨૯
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૯૯, શ્લોક-૪૮
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૭૨
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૫૯, કડી-૧૮
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૪, તરંગ-૪૩
**પુરુષોત્તમપ્રકાશ :** પ્રકાર-૩૫, કડી-૧૧-૧૨
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૮૭૯



શ્રીસ્વામિનારાયણ મંદિર-જૂનાગઢ

## (૮) જુનાગઢ મંદિર

**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૮૪, વૈશાખ વદ-૨**
**ઈ.સ. ૧-૫-૧૮૨૮**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૫, અધ્યાય-૪૯, શ્લોક-૨૭
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૫, અધ્યાય-૧૮, શ્લોક-૧૦
**ભક્તચિંતામણી :** પ્રકરણ-૧૦૦, કડી-૫૯
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૮૪, કડી-૩૭
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૧૦૧, શ્લોક-૨૯
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૯૯
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૫૯, કડી-૨૧
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૪, તરંગ-૨૨
**પુરુષોત્તમપ્રકાશ :** પ્રકાર-૩૨, કડી-૨
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૯૫૪



## (૯) ગઢપુર મંદિર

**પ્રતિષ્ઠા : વિક્રમ સંવત ૧૮૮૫, આસો સુદ-૧૨**
**ઈ.સ. ૨૦-૧૦-૧૮૨૮**

**શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૫, અધ્યાય-૫૫, શ્લોક-૧૧
**શ્રીમદ્ સત્સંગિભૂષણ :** અંશ-૫, અધ્યાય-૧૮, શ્લોક-૨૩
**ભક્તચિંતામણી :** પ્રકરણ-૧૦૦, કડી-૬૨
**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :** તરંગ-૮૪, કડી-૪૪
**શ્રી હરિકૃષ્ણલીલામૃત :** અધ્યાય-૧૦૧, શ્લોક-૪૫
**શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** વિશ્રામ-૧૦૬
**શ્રીહરિચરિત્રામૃત :** અધ્યાય-૫૯, કડી-૩૧
**શ્રીહરિલીલા સિંધુ :** રત્ન-૧૪, તરંગ-૨૨
**પુરુષોત્તમપ્રકાશ :** પ્રકાર-૩૦, કડી-૭
**શ્રીહરિલીલા સુધાકર :** અધ્યાય-૯૪, શ્લોક-૧૩
**સર્વમંગલ સ્તોત્ર :** મંત્ર-૯૫૮

# મંદ મંદ હસતાં શ્રીહરિના દર્શન

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



श्रीहरि प्रार्थनाष्टपदी राग ठुमंरी – अखंडानंद वर्णी विरचित
वदनं दर्शय मंदहसनं भक्तप्रिय ते हरे जनरंजनम् ॥ वदनं.... ध्रुवपदं॥
कुंकुमभालं अधरप्रवालं मदनगर्वोच्चयखंडनम् ॥१॥
तनुसितदंतं वरतरकान्तं मधुरहासश्रीमोहनम् ॥ वदनं...२॥
त्रासितकालं भूकुटिकरालं शशिरविव्योमविवासनम् ॥ वदनं...३॥
सुंदरनासं सौरभवासं नयनचारुतमभूषणम् ॥ वदनं...४॥
मोहितमारं समुदितसारं निगमागमखगनीडम् ॥ वदनं...५॥
कुंडलभासं केसरश्वासं वचनामृतैर्जननंदनम् ॥ वदनं...६॥
चंचलनेत्रं कारुण्यक्षेत्रं विकचिताब्जभातिमोषणम् ॥ वदनं...७॥
पुंड्रितभालं तारितबालं जनहितपीयूषवर्षणम् ॥ वदनं...८॥

શ્રીહરિ પ્રાર્થનાષ્ટપદી રાગ ઠુમરી અખંડાનન્દ વર્ણી વિરચિત

ભગવાનશ્રી સ્વામિનારાયણના મંદહાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન જેવા અખંડાનન્દ વર્ણીને થયા તેવા જ સૌ ભક્તને થાય તેનું સુખ કેવું અલૌકિક હોય છે. તેમાં કેવો આનન્દ મળે છે. તે સર્વ વિગતને જણાવવા અને તેવો આનન્દ મેળવવાના ઉપાય સ્વરૂપે આ અષ્ટકની રચના કરી છે. જેથી ગાનારા સાંભળનારાને પણ તેવું જ સુખ આનન્દ મળે તેવો આશય છે.

**વદનં દર્શય મંદહસન ભક્તપ્રિય તે હરે જનરંજનમ્ ॥ વદનં... (ધ્રુવપદ)૧ કુંકુમભાલ અધરપ્રવાલ મદનગર્વોચ્ચયખંડનમ્ ॥૧॥**

હે શ્રીહરિ તમને તમારા એકાન્તિક નિષ્કામ ભક્તો પ્રિય અને વહાલાં છે તો હે પરમેશ્વર એવા તમારા જે ભક્તો છે તેમને પણ તમારા સુન્દર મંદ મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શનમાં જ આનન્દ આવે છે. માટે હે શ્રીહરિ તમારા ભક્તોને આનન્દ આપવા માટે તમારા સુન્દર ભાલવિશાળમાં કુંકુમનો ચાંદલો અને કેસરનું તિલક શોભી રહ્યું હોય તેવા દર્શન આપો. સુશોભીત પ્રવાલના જેવા અધરોષ્ટ સુન્દર શોભતા હોય જેને જોઈને સાક્ષાત્ કામદેવના ગર્વનો મૂળમાંથી નાશ થઈ જાય છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૨)

**તનુસિત દંત વરતરકાન્ત, મધુરહાસશ્રીમોહનમ્ ॥વદનં... ૨॥**

આ લોકમાં માનવ શરીર ધારણ કર્યું છે તે શ્વેતને શાન્ત છે તેવી જ રીતે મુખાર્વિન્દમાં દાંતની પંક્તિ દાડમની કળીની જેમ ક્રમબધ છે અને ચળકતા છે. જેની કાન્તિને જોઈને મન મોહી જાય તેમ છે. તેવી કાન્તિ એ યુક્ત મધુર હાસ્ય કરી રહેલાં છે. જે સાક્ષાત શ્રી લક્ષ્મીજીને જગતની શોભાને પણ મોહ ઉપજાવે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૨)

**ત્રાસિતકાલ ભૂકુટિકરાલ, શશિરવિવ્યોમવિવાસન**
**॥વદનં... ૩॥**

કાળ માયા અને યમ જેમના દર્શનથી કાંપતા રહે છે. અર્થાત જેને તમારા દર્શન થાય છે તેનાથી કાળ દૂર ભાગે છે. તમારી દ્રષ્ટિ માત્રથી અનન્તકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય થાય છે. તમારી આજ્ઞામાં રહીને આકાશમાં રહેલાં સૂર્ય અને ચન્દ્રનો પ્રકાશ મળે છે જેથી જગતને પ્રકાશ આપીને સુખી કરે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૩)

**સુન્દરનાસં સૌરભવાનં, નયનચારૂત્તમભૂષણમ્**
**॥વદનં... ૪॥**

જેમના મુખાર્વિન્દમાં તલના પુષ્પ સમાન સુન્દર નાસિકા છે. જે મનગમતા સુગન્ધીદાર પુષ્પોને સદા સૂંઘતા રહે છે. જેની સુગન્ધ સર્વત્ર વ્યાપે છે. દર્શન કરનારા ભક્તોના નયનને ગમી જાય તેવા સુન્દર સૌમ્ય શિતળ શ્વેત વસ્ત્રો અને આભૂષણો ધારણ કરેલાં છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૪)

**મોહિતમારે સમુદિતસાર, નિગમોગમખગનીડમ**
**॥વદનં... ૫॥**

જગતના જીવમાત્રને મોહમાયામાં ફસાવનારા કામને પણ મોહ ઉપજાવે છે. એવું જેમનું મુખાર્વિન્દ છે. સર્વસત્શાસ્ત્રોના સાર રૂપ એવું જે તમારા સ્વરૂપનું જ્ઞાન જેને પ્રાપ્ત કરવા વેદાદિક સત્શાસ્ત્રો પુરાણો અને સ્મૃતિઓ ઉંડી ઉંડી જ્ઞાનની ઉડાણો ભરે છે તેમના માટે તમારા મુખાર્વિંદના દર્શન તે તો પક્ષીને જેમ પોતાનો માળો મળે છે તેના જેવું આશ્રય સ્થાન છે . એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૫)

**કુંડલભાસં કેસરશ્વસં, વચનામૃતૈર્જનનંદનમ્**
**॥વદનં... ૬॥**

જેમના બેય કાનોમાં તેજસ્વી ચળકતા હિરામોતી જડેલાં સુન્દર કુંડળો શોભે છે. અને શ્વાસોશ્વાસ લેય છે ત્યારે કેસરના જેવી શોભતી જીહ્વા દર્શનાર્થીના મનને મોહી લે છે. તમારા મુખકમળમાંથી નિકળેલાં વચનામૃતો સાંભળનારા જનસમુદાયના અને તમારા એકાન્તિક ભક્તોના હૃદયમાં આનન્દ ઉપજાવે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૬)

**ચંચલનેત્ર કારૂધ્યક્ષેત્ર, વિકસિતાબ્લભાતિમોષણમ**
**॥વદનં... ૭॥**

હે શ્રીહરિ અતિ ચંચળતાથી તમે તમારા ભક્તોને જોતા રહો છો. અને તેમના ઉપર કરૂણાના સાગર એવા તમે સદા દયા વરસાવો છો. દયા કરીને તમારૂ મુખ પૂર્ણ વિકસિત કમળ જેવું ખીલી ઉઠે છે. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૭)

**પંડૂતિભાલે તારિતબાલ, જનહિતપીયૂષવર્ષણમ્**
**॥વદનં... ૮॥**

જેમના વિશાલ ભાલમાં સુન્દર ઉર્ધ્વપુંડ્ર તિલક શોભે છે. અથવા જેના કપાળમાં તિલક ચાંદલો હોય તેવા પોતાના ભક્તોજનોને સંસારસાગરથી તારનારા છો. એવા એકાન્તિક ભક્તો ઉપર સદા કરૂણામય અમૃતદષ્ટિ રાખનારા છો. એવા હે શ્રીહરિ તમારા મંદ હાસ્ય યુક્ત મુખાર્વિન્દના દર્શન કરાવો. (૮)

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરનો ઓફિસ નંબર**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**જેતલપુર મંદિરના ૧૯૩ માં પાટોત્સવ પ્રસંગે તા. ૨૮-૩-૨૦૧૯ :** દેવનો અભિષેક થયો, દેવના દર્શન થયા અને સત્સંગની ભીડ... હકીકતમાં ભીડની જ મજા છે. મહારાજે કહ્યું ને કે સત્સંગના ભીડામાં રહેવું. થોડા સમય પહેલા એક હરિભક્ત આવેલા, કહે મંદિરમાં ભીડ બહું છે, કોઈ વ્યવસ્થા નથી. મેં કહ્યું, મહારાજનું વચન છે કે સત્સંગના ભીડામાં રહેવું. ભગવાનનું દર્શન તો થાય છે ને ! તો પછી ભીડથી તકલીફ શું છે ? આપણે ભીડના દર્શન કરવા જઈએ છીએ કે દેવના દર્શન કરવા જઈએ છીએ. ભગવાનના દર્શન થયા, એક ઝલક મળી જાય તો પણ બસ છે ! તમે જુઓ છો. અમદાવાદ મંદિરમાં કોઈ મોટો પ્રસંગ હોય ત્યારે ઘણા બહેનો થાંભલા ઉપર ચડીને નરનારાયણદેવનું દર્શન કરતા હોય છે. આવા દહાડા આપણે તો જોવા નથી પડ્યાને ! **હકીકત એ છે કે સત્સંગના ઘસારે જેટલો ઘસારો પડશે એ કામનો છે. જગતના ઘસારે જેટલો ઘસારો પડે છે એ અંતે કામમાં આવવાનો નથી. આ વાતની આપણને બધાને ખબર છે.**

જેતલપુર મંદિરમાં પાર્કિંગની તકલીફ છે. એમ અમદાવાદ મંદિરમાં પણ એ જ તકલીફ છે. સમસ્યા આપણા બધાની છે પરંતુ એની પણ એક મજા છે. તમે એક વિચાર કરો, છપૈયા દર્શન કરવા ગયા. મંદિરને અડીને એરપોર્ટ હોય, વિમાનમાંથી ઉતર્યા, દર્શન કરીને પાછા વિમાનમાં બેસી ગયા. દર્શનની મજા આવે ? દર્શન યાદ રહે? કમર વાંકી વળી જાય, કેડો સીધી કરી હોય, સવારે નીકળીને ઢચુક ઢચુક ચાલતી ગાડી રાત્રે પહોંચાડે એ દર્શન યાદ રહે. આજે સારું છે. આટલી સગવડ મળી છે. હું તો એને મહારાજની દયા માનું છું. **આ જીવને ક્યાંય સંતોષ થતો નથી થાય છે ? હું કે તમે હાશ ! કરીને બેઠા છો કોઈ દિવસ ?** ધારો કે પૂનમે તમે જેતલપુર ચાલતા દર્શન કરવા આવ્યા. દર્શન કર્યા પછી હાશ કરીને બેસાય છે ? દર્શન કરી રહ્યા પછી તુરત જ બીજુ ટેન્સન. ઘેર પાછા કેવી રીતે જઈશું ? આનું શું કરીશું ? ફલાણાનું શું કરીશું ? **આ જીવનમાં સંતોષ જરૂરી છે. હાશકારા પછી બીજી ચિંતા નથી કરવાની. આ એક મંત્ર છે. પરંતુ હાશકારો ક્યારે થાય એ મોટો પ્રશ્ન છે. આવા દેવ મળ્યા, ભગવાન મળ્યા એનાથી મોટો હાશકારો ક્યો હઈ શકે !** પાટોત્સવ, પૂનમ, એકાદશી કે અન્ય ઉત્સવના સમયે આપણા મંદિરોમાં જગ્યા નાની પડે જ છે. શું કરીશું ? બોલો શું કરીશું ? **ભગવાનના દર્શન થાય એ ભેળા સંતોના અને ભક્તોના દર્શન થઈ જાય. એનો ઘસારો વાગે એમાં જ મજા છે.** પૂનમે ભક્તોની ભીડ જોઈ છે ને ! પગ નીચે પડ્યા વિના સળંગ નીકળી જવાય ! અમે પણ જોયું છે. ચાલીને દર્શન કરવા આવ્યા હો તો પછી અહીં મસાજ કરવાની જરૂર ન રહે! **પણ આ દેવ છે, એક ઝલક ઘણી છે. પણ એ ઝલક કેવી હોવી જોઈએ ! સહેજ વારમાં તો દર્શનની એ ઝલક અંતરમાં ઉતરી જવી જોઈએ. દર્શન કરતાની સાથે જેના કારણ શરીરમાં મહારાજ બેસી ગયા, દર્શન જીવમાં ઉતરી ગયા એવા ભક્તોના ઈતિહાસમાં, શાસ્ત્રોમાં નામ લખાયા**

છે, **દર્શનના વખાણ થયા છે દેવના દર્શન કેટલા સમય સુધી કરો છો એ મહત્વનું નથી. દર્શન કેવા કર્યા એ મહત્વનું છે.** આખી થાળી ભરીને ખાય તો ઘણા લે, પરંતુ તેમાંથી કેટલું પચાવે છે એ મહત્વનું છે. ખાધા પછી પાચનની ગોળી લેવી પડે કે જડી બુટ્ટી ખાવી પડે તો એ પચાવ્યું ન કહેવાય.

ઘણા બધા લોકો ખાવાના બહુ શોખીન હોય છે. હમણા એક રેસ્ટોરન્ટની બહાર ખાવા માટે લાઈન જોયેલી. ટ્રાફિકના હિસાબે હું રાત્રે ઘરની બહાર ખાસ નીકળતો નથી. પરંતુ હમણાં એક કામ પ્રસંગે ભૂલથી બહાર નીકળ્યો તો જતા લાઈન જોયેલી, બે કલાક પછી પરત ફરતા પણ એવી જ લાઈન જોઈ. અગાઉના સમયે કેરોસીન લેવા માટે તેમજ રેશનીંગની દુકાને રાશન લેવા માટે આવી લાઈન લાગતી. ગામડામાં જે રહેતા હોય છે તેને વધારે અનુભવ હોય છે. મેં પૂછ્યું કે આ શેની લાઈન છે ? તો જાણવા મળ્યું કે ફલાણા રેસ્ટોરન્ટમાં જમવા માટેની વેઈટીંગ લાઈન છે. બે કલાક લાઈનમાં ઉભા રહ્યા વિના ઘેર જઈને સાદી ગરમ ખીચડી બનાવીને ખાઈ લેતા હોય તો ! પરંતુ ના, જીવનો સ્વભાવ એવો છે કે બે દિવસનું ઉતરેલું, ગરમ કરીને રેસ્ટોરન્ટમાં પીરસાતું હોય તો ત્યાં સુખ માનશે, પછી ભલે દુઃખી થઈને પાચનની ગોળી લેવી પડે. **મંદિરમાં ભીડમાં તકલીફ પડે ત્યારે એટલું જરૂર યાદ રાખવું કે દેવની સામે મીટ માંડીને દર્શન કરવા એ જન્મ મરણ ઉપર ચોકડા માર્યા બરાબર છે.** મંદિરમાં સગવડ વધે એ સારુ હું વિરોધ નથી કરતો, હિમાયતી છું. પરંતુ કહેવાનો ભાવ એ છે કે પોતાનું જાણ્યું હોય તો અગવડ નથી પડતી. ઘેર ધારો કે ભીડ પડી, પાટીનો ખાટલો પણ ન મળ્યો, બે લાકડાના બે પાટિયાનું સેટીંગ કરીને સૂવું પડે તો પણ ઉંઘ આવે છે ને ! કારણ કે એ પોતાનું છે. એટલે અગવડ જણાતી નથી. **તો આ મંદિર પણ જેટલું ભગવાનનું ઘર છે, એટલું મારું છે, જેટલું સંતોનું છે એટલું તમારું પણ ઘર છે છે કે નહી ? એવું જાણીને માનીને દર્શન કરીશું તો ક્યાંય અગવડ નહીં લાગે.**

તીર્થાટનમાં હું બહુ માનતો નથી. કારણ કે **અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.....** બધા તીર્થો અહીં જ છે. તો પણ પરાણે કોઈ તીર્થાટન કરવા લઈ જતા હોય ત્યારે અમે અને તમે સૌએ અનુભવ્યું છે. પાર્કિંગની કોઈ જગ્યા ન હોય, અહીંથી ટિકીટ લઈને પછી જ આગળ જવું, મર્યાદા માટેની કોઈ રેખા નહી, દર્શન કરવા પહોંચો એટલી વારમાં પડદા પડી જાય. દર્શન થતા સહેજ વાંકા વળો તો બાજુમાં કોઈ ફડાકા મારતો હોય. આવી બધી તકલીફો આપણા મંદિરોમાં નથી અને તેમ છતાં ફરિયાદ આવે કે સ્વામીએ આજે બે મિનિટ આરતી વહેલી કરી નાંખી. બે મિનિટ વહેલી થાય કે **ચંદનના વાઘા હોય તો ૨-૫ મિનિટ આરતી મોડી પણ થાય. દેવની સેવા છે. આ દેવને પ્રત્યક્ષ જાણ્યા હોય તો દેવની આગળ જૂઠા પડદા તો નથી રાખ્યા ને ! એટલો ગુણ તો અવશ્ય લેવાનો છે.** બહાર બધા ઘસારા ખાઈને આવ્યા છીએ એટલા માટે ક્યાંય જવું નહી. બધું અહીં જ છે. આ વાડીમાં અક્ષર મહોલમાં પ્રસાદીના હનુમાનજી છે, મહાદેવજી છે. **આપણને નરનારાયણ દેવ મળ્યા છે, રેવતી બળદેવજી મહારાજ મળ્યા છે પછી શું જોઈએ છે? એટલે પોતાપણું રાખવું.**

આ ગંગામાનું મકાન બહુ ગમ્યું. ગંગામાનો આ ઓરડો નથી, મકાન છે, મહેલ છે. પ્રત્યક્ષ ભગવાન ત્યાં રહેલા છે. **આ તીર્થ સ્થાન છે. ભગવાનના ચરણોથી અંકિત આ ભૂમિ છે** આ પરિસરનો માહોલ અલૌકિક અને દિવ્ય છે. ગોખલામાં દીવા હજું પ્રગટે છે. અંધારું કાઢવા માટે દીવો એ પ્રતિક છે. તલવાર લઈને ફરજો., અંધારું નહી જાય. એક દીવો પ્રગટાવવાથી અંધકાર જતો રહેશે. દીવો એ ઉજાશનું પ્રતિક છે. **શાસ્ત્રનું વાક્ય છે કે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા માટે જ્ઞાનરૂપી દીવાની જરૂર છે.** જુનવાણી Revisa (પુનરાવર્તિત) કરવું જરૂરી છે. ગામડાનું મકાન પહેલા જેવું હોય તેવું જ રાખવું. દિવાળીએ જ તેને ખોલવાનું હોય છે. જૂનું મકાન પાડીને તેની જગ્યાએ ત્રણ માળનું નવું મકાન ન કરી દેવું. જૂના મકાનના એ ગોખલા, પેઢીયું, નળિયા, ખાટલામાં

સૂવાની એ મજા છે. ત્યાં જે ઠંડક લાગે છે એ A.C. માં નથી લાગતી. બાપ-દાદા વખતનો જૂનો પંખો કુચડુક કુચડુક અવાજ કરતો હોય. તમને સૌને એ દ્રશ્ય દેખાતું લાગે છે ! કહેવાનો આશય એ છે કે સરસ કાર્ય થયું છે. ખાસ કરીને ભૂદેવ પરિવારે પોતાની અમૂલ્ય પ્રસાદીની વસ્તુઓ યોગ્ય સ્થાનકે ભગવાનને હરિભક્તોના દર્શન માટે ભેટ આપી છે. તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ. ઘણા કહે, સંતો માગે, ભૂદેવ માગે. અમે માંગ્યું છે કોઈ દિવસ તમારી પાસે ? **સિંહાસનમાં બેઠેલા ભગવાન કોણ છે ? શું માગ્યું ? અમારા આશ્રિત સુખી થાય એવું માંગ્યું. ભૂદેવ જેવા ધનિષ્ઠ કોઈ નથી.** એક ગામ હતું તેમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. આ દંતકથા ખોટી છે. **જેની પાસે ભગવાન હોય એ બ્રાહ્મણ છે અને જેની પાસે ભગવાન હોય એ ગરીબ કેમ કહેવાય ? મને કરીને ગરીબ હોય તો જુદી વાત છે.** મને કરીને તો ઘણા કરોડો પતિ કે અબજોપતિ હોય તો પણ દુઃખી હોય છે. બેંક બેલેન્સમાં એકડાની પાછળ ઘણા મીંડા હોય પરંતુ એ મીંડા સારા કાર્યમાં નીકળે તો કામના એટલે ગરીબની વ્યાખ્યા હકીકતમાં આ છે.

ગામડે સભા થાય છે. આવતા રહેજો. સભા ચાલું રાખીને અન્યને વધારે નહી તો ૧૫ મિનિટ માટે પણ આવવાની પ્રેરણા કરજો. કારણ કે સત્સંગ અને કથા વાર્તા વિના રૂડા ગુણ આવતા નથી. આ મહારાજના વચન છે. શાસ્ત્ર બંધ રાખીને ભગવાનના મહિમાની ખબર કેમ પડે ? કોને વાંચવાની ટેવ છે ? (વડીલ હરિભક્તે ઉંચી આંગળી કરી) તમે તો વડીલ છો, તમે તો વાંચો જ ! મારે કાળા વાળ વાળાને પકડવા છે ! ચોપડી કોણ વાંચે ! આ (મોબાઈલ) વાંચતા હોય ! **શાસ્ત્ર વાંચવું, વાંચવાની ટેવ ન હોય તો શ્રવણ કરવું. મહારાજે કહ્યું ને કે શિક્ષાપત્રીનો પાઠ કરવો, ન કરી શકે તો વંચાવવી-સાંભળવી, છેવટે દર્શન પણ કરવા દર્શન કરીને નીકળી ન જતા, વિચાર કરી યાદ કરી આચરણમાં લાવજો.** આજ કાલ હવે તો ભગવાનની કથા વાર્તા પણ અપ્રાપ્ય થવા લાગી છે. કેવી રીતે ? તો નામ ભગવાનની કથાનું હોય અને તેમાં મહદ્ અંશે ગ્રામ્ય વાતો થતી હોય, **જે કથામાં ભગવાન અને ભગવાનના અવતારોના ચરિત્રો, ગુણ, રૂપ, ઐશ્વર્યની કથા થતી હોય તેને સાચા અર્થમાં ભગવાનની કથા કહેવાય અને તેવા શાસ્ત્રોને સત્શાસ્ત્રો કહેવાય.** ગ્રામ્યવાર્તા તો ગામના ઓટા ઉપર બેસીને થતી જ હોય છે ને ! આ વાતોથી તો બ્રહ્માંડમાં કોણ છૂટી શક્યું છે ? **રામ કથા રામ તરફ લઈ જાય છે અને ગ્રામ કથા ગામ તરફ લઈ જાય છે. દિશા કઈ લેવી એ આપણે નક્કી કરવાનું છે.** ભગવાનની કથાનો આગ્રહ રાખવો, ખટકો રાખવો. મહારાજ કહે, ખટકો રાખવો, ખટકા વગર જીવ આગળ વૃધ્ધિ નથી પામતો.

આ લીંપણ ગમ્યું, દીવડા ગમ્યા, જૂનો આ માહોલ ગમ્યો. ભાવિ પેઢીના છોકરાઓને પહેલા કેવા પ્રકારના ઘર હતા તે દેખાડવા માટે અહીં લાવવા પડશે. દીકરા-દીકરીઓમાં ઈતિહાસ અને સંસ્કાર સજીવન રાખવાના છે. **જે માણસમાં સંસ્કારો સજીવન હોય છે તેને જ ધનિષ્ઠ કે પૈસાદાર કહેવાય છે.** બાકી બધું આવે છે, જાય છે, ચાલે છે અને ચાલતું રહેવાનું છે. આગળ પાછળ, ઉપર નીચે બધાને હું જોઉં છું જે કંઈ થાય છે તે દેવ માટે થાય છે કે મારું થાય છે ? ભલે આ ગાદી મૂકી હોય, હું તેના પર બેઠો હોઉ પરંતુ મુખ્ય કેન્દ્ર સ્થાને શું છે ? આટલું સમજો. ઈન્સ્ટ્રાગ્રામમાં એક સંકેત આવે કે આ વાત એટલા માટે કરી કે **જે ભગવાનને શોભે એવું છે એ આજકાલ માણસો કરવા લાગ્યા છે.** આપણું અસ્તિત્વ ભગવાનને કારણે છે, આ વાત મનાશે તો જ આગળ વધાશે. **ભગવાને જે આજ્ઞાઓ કરી છે તેમાં જ સુખ છે.** ઘરનો ઉંબરો ઓળંગાય નહી તેનો અર્થ એવો છે કે મર્યાદામાં રહેવું, ઉંબરો એ મર્યાદાનું પ્રતિક છે. જૂના મકાનોમાં ઉંબરા રાખતા અને એ વખતે ઓઝલ રાખતા. આપણા ગળામાં કંઠી છે એ પણ એક પ્રતિક છે. ગૃહસ્થ ગૃહસ્થની આજ્ઞાઓમાં શોભે, ત્યાગી હોય એ ત્યાગીની આજ્ઞાઓમાં રહે તો શોભે, એમ અમે પણ તમારું કરીએ તો ? હું તમારી સાથે નીચે આવી જઉં તો, હું તો નીચે પણ બેસી શકું, પરંતુ નીચે બેસીને પછી તમારી સાથે વાત કરી

શકું, જે આશીર્વચન કહેવાય તેવું ભાષણ ન કરી શકું. **જે જેના કાર્ય તે તેને શોભે છે. ભગવાને કરેલી આજ્ઞામાં રહીને કરીએ તો શોભે, નહીં તો બધું ફાઝલ જાય છે. બધાએ દેવને આગળ રાખવાના છે. એ સંસ્કાર દીકરા-દીકરીઓને પણ આપજો.** મને નહીં ઓળખાવો તો ચાલશે. (બુદ્ધિશાળી હોય તેને આ એક વચનથી મોટા પુરુષોની મહાનતા કેટલી અગાધ હોય છે તે જણાય આવે છે.) બાકી જગતમાં ભગવાનના ઓથે પોતાને ઓળખાવનારાની કોઈ કમી નથી) **દેવ કાયમ છે.** યુ.કે.ના બ્રિટીશ કોન્સ્યુલેટ જનરલે કાળુપુર મંદિરના લેખ માટે ૯૯ વર્ષના પટે જમીન આપવાની વાત કરી ત્યારે મહારાજે કહ્યું. **Sorry** અમારે નથી જોઈતી જમીન. અમારે તો કાયમી લખાણનો કાગળ જોઈએ. આ વાત એક ઈતિહાસના રૂપમાં ગણાય છે. પરંતુ તેમાં એક ઉંડી સમજણ રહેલી છે. સરકાર બદલે તો પણ દેવ તથા દેવનું મંદિર કાયમ રહેવું જોઈએ એ દ્રષ્ટિથી મહારાજે ના પાડી દીધી. અહીં જે અધિકારી હતા તેની પાસે સંપૂર્ણ સત્તા નહોતી તેથી કાગળીયા લંડન ગયા અને ત્યાંથી રાણીના સહી-સિક્કા સાથે કાગળ પરત આવ્યા, પછી મંદિર બન્યું અને એ મંદિરમાં આજે નરનારાયણદેવ બિરાજમાન છે. મતલબ, બધું બદલાયું સામે (સભા મંડપની દિવાલ પર) અમારી પેઢીઓની હરોળ (આચાર્ય પરંપરા) છે તે પણ બદલાય ને ? એકના એક છે ? આ (સિંહાસનમાં રહેલા દેવ) બદલાશે ? જીવનમાં આ ઉતારવાનું છે. **નાટક ચેટક આડંબરમાં પડવાની જરૂર નથી. દેવને આગળ રાખવાના છે. પ્રાધાન્ય રાખવાનું છે. એને વટીને આગળ કોઈ છે જ નહી, આ સનાતન સત્ય છે.** હકીકત કહું છું. ઉપદેશ નથી આપતો. અને તમે બધા આ દેવનો મહિમા જાણો છો એટલે તો ખુરશીમાં બેસવાની ટેવ હોવા છતા અહીં બે કલાકથી પલાંઠી વાળીને બેઠા છો. આ એક તપ છે અને યથાર્થ છે. **કારણ કે આ પવિત્ર ભૂમિ છે, ધામ છે, અહીં દેવના સાનિધ્યમાં બેસીને ભગવાનનો મહિમા જાણીને ભગવાનના ચરિત્રો સાંભળવા તેનાથી અધિક કોઈ પુણ્ય નથી.**

ઉન્હાળો આવે છે, ઘણા તીર્થાટન કરવા માટે પ્લાનીંગ કરી દેતા હોય છે. કહેવા માટેના તીર્થાટન થાય છે. ભગવાનના ધામ હોય, મોટા ધામ હોય, હખેથી બેઠા છીએ કોઈ વખત ? આડા દિવસે પણ શાંતિથી ધામમાં બેસવાનો ટાઈમ મળ્યો છે ક્યારેય ? મેં તો જોયું નથી. જ્યારે અહીં આડા દિવસે આવીને સવારથી સાંજ સુધી દેવની સામે બેસજો, કોઈ ઉભા કરે તો કહેજો. મહારાજે આપણને આ સુવિધા આપી છે. **મહારાજે આ મંદિરો Competition (હરિફાઈ) માટે નથી બનાવ્યા. એ તો આજે લોકો એક મંદિર હોય તેની સામે કે અડીને કે એક દિવાલે બીજું મંદિર ચણી લે છે. ભગવાનને તો હખે બેસવા દો. પાડોશીને હખે ના બેસવા દો એ જુદી વાત છે. ભગવાનને પાડોશી માન્યા છે ? ભગવાને ભજન ભક્તિની સુવિધા માટે મંદિરો કરાવ્યા છે. ઉપ એટલે નજીક અને આસના એટલે રહેવું. ઉપાસનાને અર્થે મહારાજે મંદિરો બનાવ્યા છે.** સંભળાય છે કે નથી સંભળાતું ? વિચારજો આટલી સુખ સાહ્યબી નથી મળતી ક્યાંય ! બસ એનું અહોપણું રાખજો. હાર પહેરવા ન મલે તો ચિંતા ન કરતા. ત્યાં (સિંહાસનમાં) બેઠો છે એ હાર પહેરાવશે. તમે સેવા કરી છે. એટલે હાર પહેરાવ્યા છે. **પરંતુ આપણે આમના (ભગવાનના) ચોપડે નામ લખાવવાના છે. દેવના થઈને રહેજો એટલી જ ભલામણ કરવાની છે.** બીજાના બહુ થયા. કાકા થયા, મામા થયા, ભત્રીજા થયા, દાદા થયા. હજુ થવું છે ? ઓછું પડે છે ? તો હવે થોડા ભગવાનના થઈએ. મંદિરના કેટલા પગથિયા છે ? ૧૨-૧૩ હશે. આટલા જ પગથિયા ચડવાના છે. દેવના અર્થે આટલું જ કરવાનું છે. યજમાન ઠક્કર પરિવાર તથા પી.પી. સ્વામી આદિક સૌ સંતો-ભક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવી પ.પૂ. મહારાજશ્રીએ અંતમાં કહ્યું કે આવા **Concept** (ગંગામાના ઘરનો આઈડિયા વિચાર)ની મને પણ ઈચ્છા હતી જ અને રહેશે. લોકોને બીજા કામમાં સંતોષ નથી. એમ મને પણ નથી, ગંગામાને મોકળાશ મળે એવું હજુ પણ વધારે આયોજન કરીએ. એ માટે બળદેવજી દાદા ખૂબ ખૂબ અમીદ્રષ્ટિ વરસાવે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# પૂજ્ય મહારાજશ્રીનો કલ્યાણકારી સંકલ્પ

- સાધુ દેવસ્વરૂપદાસ (માણસા મહંત)

આજથી ૧૪૯ વર્ષ પૂર્વે સંવત ૧૯૨૬ વૈશાખ સુદ-૬ ને શુક્રવારના દિવસે મહાપ્રતાપી પ્રસાદીના શ્રી રાધાકૃષ્ણદેવ-હરિકૃષ્ણ મહારાજ માણસા નગરે પધાર્યા (પ્રતિષ્ઠા થઈ) ત્યારે આચાર્ય પદે દ્વિતીય આચાર્ય મહારાજશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી તથા સાથે નંદ સંતો હતા. ભગવાનના આગમનથી તથા પુણ્ય પ્રતાપે માણસાના સર્વે હરિભક્તો ખૂબ સુખી અને સંપન્ન થયા. ભાવિક ભક્તો તથા સંતોથી ખૂબ સેવાયેલા પૂજાયેલા અને ભજાયેલા ભગવાનનો મહિમા સૌના હૃદયમાં પ્રતિદિન વધતો ગયો. માણસા અને આજુબાજુના ૩૦ કિલોમીટરના ગામડાઓના આરાધ્ય દેવ બની ગયા. માણસા તથા આજુબાજુના ગામો ભગવાન શ્રીહરિને ખૂબ પ્રિય હતા તેથી શ્રીહરિ અહીં વારંવાર પધારતા. જે શ્રીહરિને પ્રિય હોય તે તેમના પુત્ર પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ને પણ પ્રિય હોય તેથી શ્રીહરિ સમાન પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ગામડાઓમાં ઘણું વિચરણ કરે છે.

ઘણા વર્ષોના પ્રયાસને અંતે માણસા તથા આજુબાજુના ગામોના ભાવિક ભક્તો માટે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સુખાકારી નિર્ણય લીધો અને શ્રી નરનારાયણદેવ મંદિર કાલુપુરથી વિશાળ કિંમતી રમણીય જમીન માણસા-ગાંધીનગર હાઈવે ઉપર સંપાદિત થઈ. તા. ૫-૧૧-૨૦૧૮ ને ધનતેરસના દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભૂમિપૂજન તથા ખાતમુહૂર્ત સંપન્ન થયું. હજુ તો મંદિરનું નિર્માણકાર્ય શરૂ કરવાનું હતું ત્યાં તો તા. ૧૪-૧-૨૦૧૯ ઉત્તરાયણના દિવસે વહેલી સવારે મહાપ્રતાપી શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ પાવન કારી સ્થળ પર આવી બિરાજમાન થઈ ગયા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિર્દેશાનુંસાર તથા તેમની શુભ ઉપસ્થિતિમાં ભગવાનના સ્વરૂપોનો ચાલાનવિધિ થયો.

આજના સમયની જરૂરીયાતને ધ્યાનમાં રાખી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં મંદિરનું સંપૂર્ણ પ્લાનીંગ કર્યું

(અનુ. પેજ નં. ૧૮ પર)



# કંઠી

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)



ગઢપુરમાં શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં લીમડા નીચે વિરાજમાન હતા. એ વખતે ગામના જ એક હરિભક્ત ખીમજી કલ્યાણ સુથાર નારિયેળની કાચલીમાંથી બનાવેલી કંઠી લાવ્યા. શ્રીહરિને એ કંઠી અર્પણ કરી. કંઠી જોઈને મહારાજ બહુ રાજી થયા. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોને કંઠી બતાવી. સંતો પણ કંઠી જોઈને પ્રસન્ન થયા. પછી શ્રીજીમહારાજે કહ્યું કે આવી જ પરંતુ સુખડની અથવા તુલસીની કંઠી પહેરવાનો રિવાજ આપણા સંપ્રદાયમાં શરૂ કરવો.

શ્રીહરિએ ખીમજી સુથારને કહ્યું, તમે સુખડની અથવા તુલસીની કંઠી બનાવો. અહીં આસપાસના ગામોમાં સુખડ ક્યાંય નહીં મળે. તુલસી પણ મળે કે ન મળે. માટે તમે સુરત જાઓ ત્યાં સુખડ જોઈએ તેટલી મળશે. તમારી અનૂકૂળતાએ ભાવનગરથી વહાણમાં બેસી સુરત જાજો.

ખીમજી સુથાર એક બે દિવસમાં જ તૈયાર થઈ પગ રસ્તે ભાવનગર ગયા. ત્યાંથી વહાણમાં બેસી સુરત જવા રવાના થયા. તેમની સાથે એક બ્રાહ્મણ પણ તે જ વહાણમાં સુરત જતો હતો. ખીમજીભાઈ વહાણમાં બેઠા બેઠા તેમની પાસે કેટલા પૈસા હતા તેની ગણતરી કરી રહ્યા હતા. બ્રાહ્મણ એ જોઈ ગયો. જતાં જતાં રાત પડી ગઈ. ખીમજી સુથાર રાતના અંધારામાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરવા લાગ્યા. પેલો વિપ્ર તે ભજન સાંભળી અકળાયો અને કહેવા લાગ્યો કે શું સ્વામિનારાયણ સ્વામિનારાયણ ક્યારનો મોટેથી બડબડાટ કરે છે ? કોણ છે તારો આ સ્વામિનારાયણ ?

એ મારા ઈષ્ટદેવ છે. એટલું કહીને ખીમજી સુથાર પછી ધીમા અવાજે ભજન કરવા લાગ્યા. બ્રાહ્મણ તાંત્રિક હતો તેણે મનમાં કંઈક વિચાર કરી કહ્યું કે તારો સ્વામિનારાયણ ખરો હશે તો આજ રાતમાં તને બચાવશે. તાંત્રિકો પોતાની પાસે કાળા તલ, અડદ, માનવ ખોપરી વગેરે વસ્તુ રાખતા હોય છે. રાતના અગિયાર - બાર વાગ્યા ત્યારે ખીમજી સુથાર શ્રીહરિનું સ્મરણ કરતા કરતા ઝોકા ખાવા લાગ્યા. આ તકનો લાભ લઈ બ્રાહ્મણે અડદના દાણા મંત્રીને તેના પર નાખ્યા. પછી સ્વગત બોલ્યો. જોઈ લે હવે તું ઘડી બે ઘડીમાં મરણને શરણ થઈશ. તારા જેવા કેટલાયને મેં યમસદન પહોંચાડ્યા છે. એમાં એક તું વધારે. ખીમજીભાઈ પાંચેક કલાક સૂઈ રહ્યા. પેલો બ્રાહ્મણ જેનું નામ તુલજારામ હતું તેને ખાતરી થઈ કે ભગતડો મરી ગયો છે. હવે તેની પાસે રહેલા પૈસા વગેરે બધું લઈ લઉં. એમ વિચાર કરે છે ત્યાં તો ખીમજી સુથાર ઊંઘમાંથી જાગ્યા. પોતાની આસપાસ જોયું તો અડદના દાણા વેરાયેલા પડ્યા હતા. બધા અડદ ભેગા કરી કપડામાં બાંધી લીધા. તુલજારામને આશ્ચર્ય થયું. મનમાં ડર પણ લાગ્યો. વિચાર કરે છે કે આ રીતે મેં પ્રાણ લીધા છે પણ આ ડોસાને કાંઈ ન થયું ! સુરત આવ્યું ત્યારે બંને જણા વહાણમાંથી ઉતરી એક ધર્મશાળામાં જઈ ઉતારો કર્યો. તુલજારામ ખીમજી ભગતની બધી હિલચાલ જોઈ રહ્યો હતો. ખીમજી સુથારે અડદ કાઢી તેને ધોઈ સ્વચ્છ કરી દાળ બનાવી તથા રોટલા બનાવ્યા. દાળ રોટલા ઈષ્ટદેવને ધરાવી જમવા બેઠા. તુલજારામને લાગ્યું કે આ માણસ તો મારા કરતાંયે વધુ સારી રીતે મ્લેચ્છ વિદ્યાનો જાણકાર લાગે છે. ખીમજી

સુથારે જમી લીધા પછી તે બ્રાહ્મણને કહ્યું, તુલજારામ ! તારી તાંત્રિક વિદ્યા તેં મને દેખાડી. હવે જોઈ લે હું મારી મંત્ર વિદ્યા તને દેખાડું ! તુલજારામ ગભરાયો. ખીમજી ભગતના પગમાં પડ્યો. કરગરવા લાગ્યો કે ભાઈસાબ મને મારશો નહિ. હું તમારી માફી માગું છું. ભગત કહે છે ના હું તને નહિં મારું. કાઠીયાવાડમાં આવેલ ગઢપુર ગામે એક અતિ મોટા માંત્રિક રહે છે તેની પાસે મારે તને લઈ જવો છે. એ હવે એની મંત્ર વિદ્યાથી તને મારશે. હું સુખડનું વહાણ ભરાવી લઉં પછી આપણે રવાના થઈશું. તે દરમ્યાન જો તેં ભાગી જવાની કોશિષ કરી તો મારી મંત્ર વિદ્યા વડે તને પાછો ખેંચી લાવીશ. તુલજારામના મનમાં પાછો ડર પેઠો.

વહાણ ભરાવી લીધા પછી ભાવનગરના પંથે રવાના થયું. ભાવનગર બંદરે ઉતરીને બંને ગઢપુર પહોંચ્યા. દાદા ખાચરના દરબારમાં બિરાજતા શ્રીહરિને બતાવીને કહ્યું કે જો આ અમારા મહામાંત્રિક છે એ તારો ન્યાય કરશે, એમ કહે છે ત્યાં તો શ્રીહરિએ તુલજારામને પોતાના અલૌકિક દર્શન કરાવ્યા. દિવ્ય દર્શનથી અભિભૂત થઈ તુલજારામ શ્રીજીમહારાજના ચરણમાં પડ્યો અને ખીમજી ભગતનો તેણે જે અપરાધ કર્યો હતો તેની માફી માગવા લાગ્યો.

શ્રીજીમહારાજે કહ્યું, તુલજારામ ! તમારે બે-ત્રણ દિવસ અહીં રહેવું પડશે, કારણ કે મંત્રથી સિધ્ધ કરેલી કંઠી બનાવતાં વાર લાગશે. અમારે તમને મંત્રેલી કંઠી પહેરાવવાની છે.

બે દિવસ પછી ખીમજી સુથારે શ્રીહરિ પાસે આવીને કહ્યું, લ્યો મહારાજ, આ મંત્રેલી કંઠી. મહાપ્રભુ એ કંઠી તુલજારામની ડોકમાં પહેરાવતાં બોલ્યા, તુલજારામ ! હવે તમારી તાંત્રિક વિદ્યા નાશ પામી. તમારું રક્ષણ હવે આ કંઠી કરશે. ભૂત, પ્રેત, પિશાચ, ડાકણ, બ્રહ્મરાક્ષસ, જોગણી, મેલાગ્રહો કોઈ તમને પરેશાન કરી શકશે નહિ. હવે તમે અમારા છો. તમારી સંભાળ અમે રાખશું. અવાર-નવાર ગઢપુર આવતા રહેજો. સંતોનો સંગ રાખજો.

મહાપ્રભુએ એક તાંત્રિક બ્રાહ્મણનું હૃદય પરિવર્તન કરી નાખ્યું. શ્રીહરિના ચરણમાં તે ઢળી પડ્યો.

(અનુ. પેજ નં. ૧૬ નું)

અને ઝડપથી કાર્ય પૂર્ણ થાય અને પ.પૂ. મહારાજશ્રીનો એજ ધ્યેય હોય છે કે હરિભક્તોએ આપેલ ફંડ અથવા આપેલ ભેટ એ હરિભક્તોના શ્રેય અને કલ્યાણ માટેજ વપરાય તેવા શુભ હેતુથી કાલુપુર મંદિરથી ફંડીગ થયું અને પ્રતાપી દેવોની હાજરીમાં તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સતત દેખરેખ તથા નિર્દેશાનુસાર મંદિરનું કાર્ય પૂર ઝડપે થવા લાગ્યું. માત્ર ૪ માસમાં જે દિવસે ૧૪૯ વર્ષ પૂર્વે મહાપ્રતાપી દેવો માણસા નગરે પધાર્યા હતા તેજ દિવસે વૈશાખ સુદ-૬ ને તા. ૧૦-૫-૨૦૧૯ ના રોજ નૂતન મંદિરમાં દેવો બિરાજમાન થઈ ગયા અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બહુ ભાવથી ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરી આરતી ઉતારી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને આશીર્વાદ આપ્યા. આ ઐતિહાસિક પ્રસંગે પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રી અને ભાવિ આચાર્યશ્રી પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ પધાર્યા. આગામી ૧૫૦ વર્ષના ઉત્સવની ઉજવણીની વિધિવત જાહેરાત થઈ.

માણસાનું નૂતન મંદિર સંપ્રદાય માટે સિમ્બોલીક હશે. ઓછા ખર્ચ અને ઓછા સમયમાં અને સંપૂર્ણ સુવિધા યુક્ત પાંચ શિખરનું નવ્ય ભવ્ય મંદિરનું નિર્માણ રેકોર્ડ સમયમાં થયું જે એક ઈતિહાસ હશે. આ નૂતન મંદિરનો સમગ્ર સફળ પ્રોજેકટ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સાકાર કર્યો. શ્રીહરિના અપરસ્વરૂપ એવા ધર્મવંશી આચાર્યશ્રીની સામર્થી એ ભગવાન જેવી જ હોય, કારણ કે એ ભગવાનના જ પુત્ર છે ને.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**



## કુંડાળ (કડી) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ





બાયલ (અરવલ્લી) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ



હિમ્મતપુરા (લાકરોડા) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ






મીઠાખળી (અમદાવાદ) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ





મેમનગર મંદિરમાં ૨૦મો પાટોત્સવ



કુડાસણ કથા પારાયણ













# ન્યૂ રાણીપ શ્રી હનુમાનજી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ











શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



શ્રીજીમહારાજ અમદાવાદના નિવાસ દરમ્યાન અમદાવાદના શેઠશ્રી હેમચંદભાઈના આગ્રહથી તેમના પુત્રના લગ્ન પ્રસંગે પોળમાં આવેલા તેમના ઘેર સંતો સહિત પધાર્યા હતાં. શ્રીજી મહારાજ અને સંતોની જે જગ્યાએ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાં પાછળ ઘરની એક બારી પડતી હતી. લગ્નવાળા ઘરમાં બહેનોની અવર-જવર તો રહેવાની જ આથી તે બારીમાં આડસ કરવા માટે આ કોટનનો પરદો લગાવવામાં આવ્યો હતો. જેમાં નીચેની બાજુ ગ્રામ્ય લોકો રાસ રમતા હોય તેમ અને ઉપરની બાજુ બે હાથી પર અંગ્રેજ અમલદારો જઈ રહ્યા છે તેની વચ્ચે એક અંગ્રેજ સૈનિક હાથમાં બંદૂક સાથે જઈ રહ્યો છે. લગભગ સવા બસો વર્ષ પહેલાના આ પરદાના રંગો ઝાંખા પડ્યા નથી ને હજુ અકબંધ છે. ગાદી તકીયા પર બિરાજેલ શ્રીજી મહારાજે અનાયાસે જ આ પરદાને ટેકો દઈ પ્રસાદીનો બનાવેલ છે. મ્યુઝિયમમાં હોલ નં. ૫ માં ‘‘હેમચંદભાઈને ત્યાં લગ્ન પ્રસંગે શ્રીજી મહારાજ’’ તે પ્રસંગમાં મૂકેલ છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી મે-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૫-૦૫-૨૦૧૯ | નિકુલ મહેશભાઈ પટેલ (ડાંગરવાવાળા) - રાણીપ |
| તા. ૧૯-૦૫-૨૦૧૯ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - રામબાગ કાંકરિયા |
| તા. ૨૨-૦૫-૨૦૧૯ | નિમેષ નરેન્દ્રભાઈ માણેક - પાલડી-અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ મે-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૫,૦૦૧/- | નિર્ભય જી. કાપડીયા - ફ્રેન્સભાષા કેનેડાની પરીક્ષા પાસ કરી તે નિમિત્તે, હ. ઘનશ્યામભાઈ કાપડીયા - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. કાંશીભાઈ ગોવિંદભાઈ પટેલ - ધર્મજ - હ. રમેશભાઈ કે. પટેલ પરિવાર |
| રૂા. ૫,૦૦૦/- | નીતિન દેવશીભાઈ કેરાઈ - માંડવી (કચ્છ) હાલ લંડન |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. લીના કિરીટ વાઘેલા (ભાલજા મંડળ) - મણીનગર પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે હ. કિરીટભાઈ વાઘેલા |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |



**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## દેવડા ગામની દિવ્ય કથા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ગામનું નામ સાંભળતા જ તનના તંબુરાના તાર ઝણઝણી ઉઠ્યા. ગામમાં પગ મુકતાં જ મનનો મુરલીયો નાચી ઉઠ્યો.

બસો સાત વર્ષ પહેલાં બનેલા પ્રસંગનાં સંસ્મરણો હૃદય પર ઉપર દેખાવા લાગ્યાં. ત્યારે વિચાર આવ્યો કે ભક્તવત્સલ ભગવાનની કરૂણાતો જુઓ !! દયાના સાગર ભગવાનની દયા તો જુઓ !! પોતાના અનન્ય ભક્તના ઘેર જઈને તેની અનોખી રીતે સંભાળ લે છે.

વાત છે ઉત્તર ગુજરાતમાં વિસનગર પાસે વસઈ-ડાભલા ચોકડીથી નજીક આવેલ દેવડા ગામની. ત્યાં હરખશા નામે વણિક રહેતા હતા. શ્રીહરિના દ્રઢ ભક્ત હતા. વ્યવહારમાં સાવ ગરીબ હતા છતાં ભગવાનના ભજને પોતાને સુખી માનતા.

એકવાર શ્રીહરિ દેવડાની નજીકથી નીકળ્યા અને હરખશાને દર્શન થયાં તે દોડીને દંડવત્ કરીને ઘેર પધારવાની વિનંતી કરી. મહારાજે ના પાડી. પછી બહુ આગ્રહ કર્યો ત્યારે મહારાજ કહે - તમે ગરીબ છો તો રોટલાને દાળ કરો તો જ તમારે ઘેર આવીએ. સારૂં મહારાજ તેમ કરીશું, હરખશાએ કહ્યું.

મહારાજ ઘેર પધાર્યા. સાથે ત્રણ-ચાર પાર્ષદો હતા. બધા ઘોડા બાંધીને ઘાસ નીર્યું. મહારાજને ઢોલીયો ઢાળીને પધરાવ્યા. હરખાશાના પત્નીનું નામ હતું મોતીબા. તેમનું જીવન ખરેખર મોતી જેવું હતું. હરખશાએ મોતીબાને વાત કરી કે મહારાજે રોટલાને દાળ કરવાનું કહ્યું છે. મોતીબાએ કહ્યું કે એમ ન થાય. આપણા ઈષ્ટદેવ પ્રગટ પરમાત્મા આપણે ઘેર પધાર્યા છે તેમને એવું હલકું કેમ જમાડાય ? ભગવાન તો દયાળુ છે, આપણે જે બનાવીશું તે જમશે. માટે જાઓ, જલ્દી કરો. પણ ઘરમાં પૈસાતો હતા જ નહી. એક તાંબાનું બેડું હતું તે પાછળ બારણેથી જઈ વેચી આવ્યા. એમાંથી દૂધપાક, માલપુવા, શાક, દાળ વગેરે બનાવીને પ્રભુને જમવા બેસાડ્યા.

જમવા બેસતાં પ્રભુએ પૂછ્યું કે આ શું બનાવ્યું છે ? અમે ના પાડી હતી છતાં કેમ બનાવ્યું ? હરખશા કહે, મહારાજ ! તમારી આજ્ઞા પ્રમાણે જ છે. આ કાળી રોટી છે ને દાળ ધોળી છે. જમતાં જમતાં મહારાજ કહે, ભક્ત ! અમે તો જાણતા હતા કે તમે ગરીબ છો પણ તમે તો શાહુકાર છો. અમારે પાંચસો રૂપિયાની જરૂર છે તો લાવો.

હરખશાએ ઘરમાં જઈને મોતીબાને પૂછ્યું કે આ તો ભારે થઈ. મહારાજ પાંચસો રૂપિયા માગે છે તે કેમ કરશું? ક્યાંથી લાવીશું ? પણ મોતીબા કોનું નામ ! એ બોલ્યા. પણ એમાં ગભરાઓ છો શા માટે ? મહારાજે માગ્યા તે ગમે તેમ કરીને પણ આપવા. પછી લગ્ન વખતે પોતાના પલ્લામાં મળેલા અઢીસો રૂપિયા કોઈ વેપારીને ત્યાં મૂક્યા હતા તે મોતીબા લઈ આવ્યા. પોતાના ઘરમાં તો આટલી જ મુડી હતી. બાકી માટે પોતાનાં કપડાં વેચ્યાં તથા થોડા વાસણ હતા તે વેચી દીધાં. બીજા થોડા ઘરના સાધનો વેચીને પુરા પાંચસો રૂપિયા એકઠાં કરીને મહારાજ જમ્યા પછી ઢોલીયા પર આડે પડખે થયા હતા ત્યાં આવી પાંચસો રૂપિયાનો ઢગલો કર્યો.

પછી મહારાજ કહે, આ રૂપિયા લઈને અમારી સાથે ચાલો. પછી મહારાજ હરખશાને સાથે લઈ વિસનગર પધાર્યા. અને પાંચસો રૂપિયાની તુવેરો ખરીદાવી. એ વખતે એક રૂપિયે ચાર મણ તુવેર મળતી હતી તે બે હજાર મણ તુવેર થઈ. પછી મહારાજે કહ્યું કે હવે આ તુવેર તમારૂં ઘર મોટુ છે તે એમાં ભરી દો. અમને જોઈશે ત્યારે મંગાવીશું.

આજ્ઞાપાલક હરખશાએ ગાડાં જોડાવી તુવેરો ઘરભેળી કરી દીધી. એ હતી ૧૮૬૮ ની સાલ. પછી ઓગણોતેરની સાલમાં તદન વરસાદ થયો નહીં. ગુજરાત કાઠીયાવાડમાં ભયંકર દુષ્કાળ પડ્યો. ચારે બાજુ ત્રાહિમામ્ બોલાઈ ગયું. એ વખતે હરખશાએ મહારાજને ગઢડે પત્ર લખ્યો કે મહારાજ ! તમારી તુવેરો મંગાવી લો. અહીં ચોરચકારની બહુ બીક રહે છે.

પત્રના જવાબમાં ગરીબનિવાજ શ્રીહરિએ લખ્યું કે ભક્ત ! એ તુવેરો અમારી નથી. તમારા માટે ખરીદાવી છે. તે વેચો, ખાઓ અને ગરીબોને મદદ કરો. એ વખતે તુવેરનો ભાવ આઠ રૂપિયે મણ હતો. પોતે વપરાશ જેટલી રાખી, દુખ્યા. ભૂખ્યાને મદદ કરી. અને બાકીની વેચી હજારો રૂપિયાના માલિક થઈ ગયા. પછી તો જાણે ભગવાનના બોલ ‘‘તમે તો શાહુકાર છો.’’ એ ફળ્યા હોય તેમ લાખોની સમૃધ્ધિ થઈ અને શેઠ તરીકે પ્રખ્યાત થઈ ગયા.

મિત્રો ! સુદામાના મુઠી તાંદુલ આરોગીને સોનાના મહેલ કરી આપનાર પ્રભુ પોતાના ભક્તોને દુઃખી, ગરીબ રહેવા દે ! અસલ ભરોંસો જોઈએ.

મિત્રો ! જે ઘરમાં બિરાજીને ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન થાળ જમ્યા તે ઘર હજુ પણ આ ગામમાં પ્રસંગની યાદ અપાવવા મોજૂદ છે.

●

### નામ મંત્રનો પ્રતાપ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

‘‘ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ.’’

આ મહિમા છ અક્ષરના ‘‘સ્વામિનારાયણ’’ મહામંત્રનો છે. આ મંત્ર ખૂબ સરળ છે. છતાં એટલો બધો ચમત્કારી છે કે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે - ‘‘કાને એ નામની ભણક પડી રે, તેની અક્ષરપોળ ઉઘડી રે.’’ આ મંત્રનો શું ચમત્કાર છે તે આજની આ સત્ય ઘટના ઉપરથી સાચી રીતે જાણી શકાશે.

એક ગામ હતું. સત્સંગીઓની સંખ્યા ઓછી હતી પણ સત્સંગ સારો. આપણું મંદિર પણ આ ગામમાં હતું. વર્ષમાં એકાદવાર પાંચેક સંતોનું મંડળ આ ગામમાં આવે. થોડા દિવસો રોકાય. સત્સંગીઓ ઉત્સાહભેર આ થોડા દિવસોમાં જ સવાર-સાંજ સંત સમાગમ કરી આખા વર્ષનું ભાથું ભરી લેતા. આ મંદિરની સામે જ એક નાસ્તિકનુંઘર હતું. ભજન-ભક્તિના પવિત્ર ધ્વનિ એમના કાને હથોડાની જેમ કઠોર લાગતા હતા. તેને આવાં ભજન-ભક્તિમાં કોઈ જ ભાવ નહોતો. ઉલ્ટું પોતાનો પ્રભાવ પાડવા તેણે થોડી કામણ-ટૂમણ, મંત્ર-તંત્ર, મેલી સાધના, મારણ-ઉચ્ચાટન વગેરેની સિધ્ધિ મેળવી હતી.

તેણે કહેવાય છે કે એવી સિધ્ધિ મેળવેલી કે તે લીલાં વૃક્ષને સૂકવી નાંખતો, ઉડતાં પક્ષીને પાડી દેતો, માણસને જડ કરી દેવા જેવી શક્તિઓ સિધ્ધ કરેલી. જ્યારે માણસ પાસે સદ્‌ગુણથી મોટા બનવાની શક્તિ ન હોય ત્યારે તે આવા દુર્ગુણોનો આશ્રય લઈને મોટા થવાનો દેખાડો કરતો હોય છે. વૃક્ષ વાવવાની તાકાત નહી ને તેને બાળી નાંખવાની તાકાત તે જ નાસ્તિકપણાની સાબિતી આપે છે. સંતોને ભક્તો તરફથી આ માણસને કાંઈ દુઃખ દેવાતું નહોતું છતાં મતિભ્રષ્ટ આ નાસ્તિકે નિર્દોષ એવા આ સાધુઓને જ પુરા કરી દેવાનું નક્કી કરી લીધું. સંતોનો નિત્યક્રમ એ હતો કે સવારે વહેલા ચાર વાગે ઉઠીને ગામની ભાગોળે સ્નાનાદિક વિધિ કરવા જતા હતા. આ નાસ્તિકે ઘોર કાવત્રું વિચાર્યું.

તેણે મંત્ર સાધના કરી એવા અડદ તૈયાર કર્યા કે તેને ઓળંગીને જે પસાર થાય તેનું મૃત્યું થઈ જાય. આવા મંત્રેલા અડદ રાત્રે બાર વાગ્યે મંદિરના દરવાજે મુકી

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

દીધા. સવારે સંતો જાગ્યા. અને સ્વામિનારાયણ નામનો ધ્વનિ કરતા મંદિરમાંથી બહાર નીકળ્યા. પેલો નાસ્તિક પણ વહેલો ઉઠી ગયેલો. ઘરના બારણાની તિરાડમાંથી જોતો હતો. તેને તો હતું જ કે હમણાં એકાદ પડ્યો સમજો. પણ અર્ધા-પોણા કલાક પછી તો પાંચે સાધુઓ સ્નાનાદિકથી પરવારી મંદિરે પાછા આવી ગયા. થોડું અજવાળું થયેલું તો બારણે અડદ મુકેલા જોયા. તો સંતોએ વિચાર્યું કે કોઈ ભાવિક આ મુકી ગયું લાગે છે. તે ઉપાડીને મંદિરમાં લઈ લીધા.

પેલા નાસ્તિકને મુંઝવણ થઈ. આ શું ! આ લોકોને કાંઈ અસર થઈ નહી. પાછા મારા અડદ પણ લઈ ગયા. આ લોકો શું મારાથી વધુ મંત્ર સાધના જાણતા હશે ! એ અડદનો પ્રયોગ તે શું મારા પર કરવા લઈ ગયા હશે ! વગેરે વિચારો તેને વધુ સતાવવા લાગ્યા. છતાં હાર્યો નહી. બે-ત્રણ દિવસ સળંગ તેણે આવા વધુ ભારેને ભારે પ્રયોગો કર્યા પણ તેમાં સફળ ન થયો.

આખો દિવસ સતત સંતોનું સ્મરણ, સવારમાં દર્શન અને કાને ''સ્વામિનારાયણ'' મહામંત્રનો ધ્વનિ તેને સાધુ પાસે આવવા પ્રેરિત કરે છે.

એકવાર અજાણ્યો બનીને સાધુ પાસે આવીને પૂછવા લાગ્યો. ''સ્વામીજી ! અહીં કોઈ અડદ મુકી જાય છે. તેનું શું કરો છો ?'' સંત કહે, અમે સ્નાન કરવા જઈએ ત્યારે મંદિર બંધ હોય તેથી કોઈ ભાવિક આ દાણા મુકી જતું હશે તેથી અમે જોઈ, સાફ કરી દાળમાં પધરાવી, પ્રભુને સમર્પિત કરીને પછી જમી જઈએ છીએ. આટલું સાંભળતા તો પેલાને પરસેવો છુટી ગયો. મારા મંત્રેલા અડદનું કોઈ ઉલ્લંઘન કરવા પણ શક્તિમાન ન થઈ શકે તેને આ સાધુ ઓળંગી ગયા એટલું જ નહિ જમી પણ ગયા!! છતાં તેમને કશું થયું પણ નહી !! આ ચોક્કસ મારા કરતાં પણ વધુ કોઈ શક્તિશાળી મંત્રના જ્ઞાતા હશે એમાં સંશય નથી.

પછી તેણે કપટ મુકી સંતો પાસે ખુલ્લા દિલે પોતે કરેલા દુષ્કૃત્યની કબુલાત કરી ક્ષમાયાચના કરી. પછી પૂછ્યું. બાપજી ! તમે ક્યો એવો મંત્ર જાણો છો કે જેથી આપને મારા મંત્રની અસર ન થઈ ? સંતોએ જવાબ આપતા કહ્યું કે ભાઈ ! અમે એવો મહા ચમત્કારી મંત્ર જાણીએ છીએ કે તમે ને તમારા જેવા બીજા હજાર માણસો એક સાથે મારણ-ઉચ્ચાટનના પ્રયત્ન કરે છતાં અમને કશું ન થાય. ભૂત-પ્રેત, પિશાચ, ડાકીની કોઈ પણ આ મંત્રને બળે અમારી પાસે ફરકી પણ ન શકે. આખી દુનિયામાં અજેય એવા જમદૂતો કે બીજી બધી આપત્તિઓ પણ આ મંત્ર સામે ટકી શકતાં નથી.

આ મંત્ર પાછો એટલો બધો સરળ છે કે તેમાં કોઈ પણ પ્રકારની શરતો નથી. ખાતા, પીતાં, હરતા, ફરતાં, ઘરનું કામ કરતાં, સૂતાં, ન્હાતાં ગમે ત્યારે પણ જપ કરો તે સચોટ ફળ આપે છે. એ મંત્ર અમે છુટથી બધાને આપીએ છીએ. આ માણસ હવે તો સંત મુખે મંત્રનો આટલો બધો મહિમા સાંભળી જેમ સૂર્ય ઉદય થાય ને અંધારૂ દૂર થઈ જાય તેમ આ પ્રતાપી મંત્રનું શ્રવણ થતાં જ અંતરનું અજ્ઞાન, પાપ, નાસ્તિકપણું બધું દૂર થઈ ગયું. એ પવિત્ર બની ગયો.

મિત્રો ! જોયું ને કેવો પ્રબળ, પ્રતાપી ''સ્વામિનારાયણ'' મહામંત્ર છે. સ્વામિનારાયણ ભગવાને આપણને આપ્યો છે તો તેનો મહિમા સમજી અને આ મહામંત્રની નિષ્ઠા રાખીને જપ કરીશું તો આપણને અક્ષરધામ સમું સત્સંગનું સુખ પ્રાપ્ત થશે. અને દુઃખ, શોક, કંકાશ, લોભ, કામ, ક્રોધ વગેરે સર્વે શત્રુઓથી બચી જઈશું.


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) બાપુનગર એપ્રોચ સત્સંગિજીવન પારાયણ પ્રસંગે તા. ૨૪-૪-૧૯ "આપણું જીવન એવું 'દિવ્ય' બનાવીએ કે મહારાજ આપણને ઓળખે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે જન્મ્યા ત્યારથી આપણી મરણની યાત્રા ચાલું થઈ ગઈ છે. જેમ જેમ એક એક દિવસ પસાર થતા જાય છે તેમ પ્રત્યેક ક્ષણે આપણે મૃત્યુની નજીક જઈ રહ્યા છીએ. અને આપણી આ મૃત્યુ તરફની જે યાત્રા ચાલું થઈ છે તે ક્યારે પૂરી થવાની છે તેની પણ આપણને ખબર નથી અને આપણી આ યાત્રાને અંતે આપણી આ યાત્રાનું ફળ શું મળશે તે પણ આપણા હાથની વાત નથી. **કેમ કે ?** કર્મફળપ્રદાતા પરમેશ્વર છે. એ સત્તા મહારાજે પોતાની પાસે રાખી છે. તેમ છતાં જો આપણે વિચારીએ તો મહારાજે ૫૦% સત્તા પોતાની પાસે રાખી છે. પણ ૫૦% સત્તા આપણને પણ આપી છે. **કઈ સત્તા ?** તો કર્મ કરવાની. આપણા આ મનુષ્ય જીવનનું જે મુખ્ય **'લક્ષ્ય'** છે કે આ યાત્રાને અંતે પરમાત્મા પાસે પહોંચવાનું તો તેના માટે જે પ્રયત્ન કરવાનો છે. તે જે **'પુરુષાર્થ'** ભાગ છે તે આપણા હાથની વાત છે.

તો આપણે આ જીવનમાં એવો **'પુરુષાર્થ'** કરીએ કે આપણી આ યાત્રાને અંતે આપણે જેમની પાસે જવું છે તેના માટે આપણું જીવન એવું **'દિવ્ય'** બનાવીએ કે મહારાજ આપણને ઓળખે. કેમ કે ? આપણું જીવન એવું હશે તો જ આપણું **'કલ્યાણ'** થશે. આ જગતમાં પણ કોઈ મોટા માણસ હોય એ આપણને ઓળખતા હોય તો આપણું કામ થઈ જાય છે. ધારો કે દેશના વડાપ્રધાન હોય તો તેમને આખા દેશના લોકો ઓળખતા હોય છે કે આપણા દેશના વડાપ્રધાન છે. પણ **એમા શું થયું ?** એ કોઈ મોટી વાત નથી. સ્વાભાવિક છે. પરંતુ આપણું કોઈ કામ હોય **એ ક્યારે થાય ?** તો એ આપણને ઓળખતા હોય તો આપણું કામ થઈ જાય છે. એવી રીતે મહારાજને તો બધા ઓળખે છે કે **સ્વામિનારાયણ ભગવાન છે.** પણ મહારાજ આપણને ઓળખે ત્યારે આપણું **'કલ્યાણ'** થાય છે. તો **મહારાજ આપણને ક્યારે ઓળખે ?** તો સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીએ ત્યારે. તો સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી ક્યારે કહેવાય, તો **મહારાજે બતાવેલા નિયમો અને આજ્ઞા પાળીએ ત્યારે.** આપણે ઘણી વખત સાંભળેલું છે કે પહેલાના સમયમાં ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી તપ કરતા તેમાંથી પણ મુક્તિ મળી હોય એવા બહુ ઓછા પ્રમાણમાં છે. પરંતુ અત્યારે કળિયુગમાં મહારાજે બતાવેલા વ્રતનિયમો એટલા આકરા છે જ નહિ. નિયમો પાળવાનું થોડું અઘરું છે. પણ ૧૦૦% શરણાગતિ સ્વીકારાઈ ગઈ હશે અને મહારાજ સુધી પહોંચવાનો **'ખપ'** હશે તો નિયમો પાળવા એ કોઈ અઘરી બાબત નથી. જીવણ ભક્ત અને સગરામ વાઘરી જેવા ભક્તનું પણ મહારાજે આ સત્સંગમાં કલ્યાણ કર્યું છે.

શ્રીજી મહારાજે આપણને આ સત્સંગમાં જન્મ આપીને અથવા તો જન્મ્યા પછી પણ આ સત્સંગ ઓળખાવીને તેમના પાસે બોલાવવાનો આપણને **'સંકેત'** આપી દીધો છે. તેમના ધામમાં લઈ જવાનું **'આમંત્રણ'** આપી દીધું છે. તો એ મહારાજને મેળવવા માટે આપણે આપણા જીવનનો કેટલો **'સમય'** આપીએ છીએ તે વિચારવાનું છે. **કેમ કે ?** આપણને આ જગતમાં કોઈ સામાન્ય માણસે પોતાના ઘેર કોઈ પ્રસંગમાં આવવાનું આમંત્રણ આપ્યું હોય તો આપણે તેને કેટલું મહત્વ આપીએ છીએ. તેના ઘેર જે રીતનો પ્રસંગ હોય એ પ્રમાણે તૈયાર થઈને ભેટ લઈને સમયસર પહોંચી જઈએ છીએ અને પ્રસંગમાં તે વ્યક્તિને ત્યાં ગમે તેવું કામ હોય તો પણ અડધી રાતે હાજર થઈએ છીએ અને તેના કાર્યો કરીએ છીએ. બરાબર છે. જેણે આપણું કાર્ય કર્યું હોય તેનું કાર્ય કરવું જોઈએ **'કૃતઘ્ની'** ના થવું જોઈએ. પરંતુ આ જગતના ભૌતિક સંબંધોમાં અને પંચભૂતના આ શરીરને સાચવવામાં સજાવવામાં અતિ **'આસક્ત'** ન થવું

જોઈએ. આપણા આત્માના **'કલ્યાણ'** માટે પણ સમય આપવો જોઈએ. તો અહિંયા વિચારવાનું એ છે કે મહારાજે આપણને કેટલું બધુ આપ્યું છે. આટલો કિંમતી મનુષ્ય જન્મ આપ્યો છે. અને આ **'સત્સંગ'** ઓળખાવ્યો છે. માટે આપણે એમણે આપેલા એક એક શ્વાસના ઋણી છીએ. તો તેના માટે આપણે બે માળાથી વધારે સમય આપતા નથી. માત્ર ભૌતિક સુખ પાછળ જ આપણી દોટ હોય છે. આપણે આ ભૌતિક જગતમાંથી કોઈનું આમંત્રણ મળ્યું હોય તો તેને ત્યાં ભેટ લઈને જવું પડે છે. જ્યારે આપણને મહારાજે જે આમંત્રણ આપેલું છે તેમાં આપણે કોઈ પણ પ્રકારની ભેટ લઈને જવાનું નથી બધું જ અહિંયા મુકીને હળવા થઈને જવાનું છે. ત્યારે જ ત્યાં પહોંચી શકીશું અને આપણે આ જગતના પ્રસંગમાં જઈએ છીએ ત્યારે પાછા આવવાનો સમય નક્કી હોય છે. પાછા આવવાની તૈયારીથી જઈએ છીએ. જ્યારે અહિંયા ફેર શું છે ? મહારાજે બહુ મોટું આમંત્રણ આપેલું છે. **ત્યાં ગયા પછી ક્યારેય પાછા આવવું પડતું નથી. મહારાજ કાયમ માટે એમની પાસે રાખે છે.** આપણે એવી તૈયારી સાથે જ જવાનું છે. અને મહારાજે જે આમંત્રણ આપ્યું છે તેમાં રસ્તો પણ બતાવી દીધો છે. **નિયમો પણ બનાવ્યા છે અને આજ્ઞાઓ પણ આપી છે કે કેવી રીતે જીવન જીવવાનું છે. તો તમારે આ જગતમાં બીજી વખત આવવું નહિ પડે.** તો આપણે એટલું ધ્યાન રાખવાનું છે કે મહારાજે બનાવેલા નિયમો અને આજ્ઞાનું પાલન કરીને એટલા **'અણિશુધ્ધ'** બનીએ કે આ યાત્રાને અંતે પાછું આવવું ના પડે.

●

### "સ્વામિનારાયણ ભગવાનનું પ્રગટપણું

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાનને પ્રગટ કે પ્રત્યક્ષ કહેવામાં આવે છે. સ્વામિનારાયણ ભગવાન જ્યારે આ પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે વિચરતા હતા ત્યારે તેમને મળેલા અનંત જીવો તરી ગયા છે. આ પૃથ્વી પરના મુમુક્ષુ જીવાત્માઓ કે જેઓ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થાય તેઓનું આત્યંતિક શ્રેય ચાલું રહે તે માટે પોતે કરેલા ત્રણ ગૂઢ સંકલ્પો દેવ-આચાર્ય અને શાસ્ત્ર તેમાં હરહંમેશ પોતે પ્રગટ રહેવાનું વચન આપ્યું. સ્વામિનારાયણ ભગવાનના રામ-કૃષ્ણ આદિક અવતારો જ્યારે આ પૃથ્વી પર આવ્યા ત્યારે જટાયુ, વાનર આદિક પશુ-પંખી, ગોપ-ગોવાળ આદિક મનુષ્યો તથા ભક્તોને પ્રગટ સ્વરૂપમાં સ્નેહ થયો તથા સેવામાં આવ્યા તે સઘળા તરી ગયા. પરંતુ તે અવતારો અંતર્ધાન થયા બાદ પોતાનું પ્રગટપણું સ્થાપ્યુ નહિ હોવાથી પરોક્ષ શબ્દથી ઓળખાય છે. પરોક્ષ ને ભજવાથી આ જન્મે જીવનું આત્યંતિક કલ્યાણ થાય નહિ. પ્રગટની ઉપાસનાથી જ જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે.

ભગવાન રામ કૃષ્ણનું આદિક અવતારો આ પૃથ્વી ઉપર પ્રગટ થયા તેને હજારો વર્ષો થઈ ગયા. પરંતુ પોતાના ભક્તોને અંતકાળે દર્શન આપીને વિમાનમાં કે રથમાં બેસાડીને પોતાના ધામમાં તેડી જતા હોય એવું કોઈ શાસ્ત્રોમાં વાચ્યું નથી કે સાંભળ્યું નથી. જ્યારે સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ થયા તેને ૨૩૮ વર્ષ થયા. પરંતુ આજ સુધીમાં પોતાના હજારો ભક્તોને અંતકાળે સંતો સાથે દર્શન આપીને વિમાનમાં કે રથમાં બેસાડીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે

**"મારા જનને અંતકાળે મારે જરૂર તેડવા આવવું,**
**બિરૂદ મારૂ એ ન બદલે સર્વ જનને સંભળાવવું."**

આમ સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે હતા. ત્યારે પણ દિવ્યસ્વરૂપે પોતાના ભક્તોને અંતકાળે દર્શન આપીને અચૂક તેડવા આવતા. મોક્ષ તો પ્રગટ પ્રભુના આશ્રયથી જ છે. પ્રગટ સૂર્યથી જ અજવાળુ થાય, પ્રગટ જળથી જ મળ ધોવાય, તેમજ તરસ બુઝાય, પ્રગટ અન્નથી જ ભૂખ જાય છે. તરસ લાગી હોય અને શરીર ઉપર પાણી ઢોળ્યા કરીએ તો તરત બુઝાતી નથી તેના માટે પાણી પીવું જ પડે તેમ પ્રગટનો આશરો, પ્રગટનો સંગ થાય તો જ પરમાત્માનું સુખ પામી શકાય છે. પ્રગટની ઓળખાણ વિના કુશકા ખાંડવા બરોબર છે. પ્રગટ સૂર્ય વિના ચિતરેલા કરોડો સૂર્યથી પણ રાત્રિનો અંધકાર નાશ પામે નહિ. સ્વપ્નમાં પંચામૃત ભોજન જમે અને રાજી થાય પણ જાગે ત્યારે ભૂખ્યો જ હોય. પ્રગટ થી જ ભૂખ ભાગે છે. જેમ સમુદ્ર તરવો હોય તો નાવથી જ તરાય છે. તેમ પ્રગટ ભગવાન હોય તે જ ભવપાર ઉતારે છે. આત્યંતિક કલ્યાણ કરવું હોય તો પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થવી જ જોઈએ.

પ્રગટનો મહિમા સમજવામાં મુક્તાનંદ સ્વામી રચિત એક પ્રભાતિયું બહુ ઉપયોગી અને બળવાળું છે. જે

**"સ્વામિનારાયણનું સ્મરણ કરતા અગમ વાત ઓળખાણી રે**
**નિગમ નિરંતર નેતી કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે.... સ્વામિનારાયણ**
**મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે**
**તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે...... સ્વામિનારાયણ"**

પહેલી પંક્તિમાં લખે છે કે સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરવાથી તેમની કૃપાથી આ અગમ વાત ઓળખાણી છે. જે સ્વામિનારાયણ ભગવાન એ સર્વ અવતારના અવતારી અને સર્વ અવતારના ધારણ કર્તા અક્ષરધામમાં રહેલાં પુરુષોત્તમ નારાયણ છે. અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ છે. સ્વતંત્ર ભગવાન એક સ્વામિનારાયણ છે. રામ-કૃષ્ણ આદિક અવતાર એ સ્વામિનારાયણ ભગવાનના અવતાર હોવાથી ભગવાન કહેવાય છે. આ વાત સમજાય ક્યારે ? પ્રગટ ઉપાસી સંતોના સમાગમથી આ વાત સમજાય છે.

સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે, પ્રગટ ભગવાનની પ્રાપ્તિ ને ઓળખાણ સિવાય કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય. પણ પ્રગટ ભગવાન કે તેમના એકાંતિક સંતની આજ્ઞાથી એક જ નિયમ રાખે તો પણ કલ્યાણ થાય છે. ''કોટી કલ્પે પ્રગટ ભગવાન ને પ્રગટ ભગવાનના એકાંતિક ભક્તોના આશ્રય કર્યા વિના આત્યંતિક કલ્યાણ થવાનું નથી. આજ તો શ્રી સ્વામિનારાયણ પ્રગટ છે. તેમના મુક્તો પ્રગટ છે. ને સત્સંગમાં જે જે વાર્તા થાય છે તે પણ પ્રગટ વાતું છે. અને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે. સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી, સર્વ અવતારના અવતારી સર્વના કારણ જે જાણશે ને એમની પ્રસન્નતા માટે આજ્ઞામાં દૃઢ રહેશે તેને તો શ્રીજીમહારાજ માખણમાંથી મોવાળો કાઢે તેમ દેહથી જુદો પાડી, બ્રહ્મરૂપ કરી પોતાના દિવ્ય અક્ષરધામમાં લઈ જશે.' પ્રગટ ભગવાન ને મળેલા સંત સાથે આત્મબુદ્ધિ કરવાથી મુમુક્ષુ માટે આત્યંતિક કલ્યાણનું દ્વાર ખુલ્લુ થાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

**"મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે,**
**કાં તો તેના મળેલે કલ્યાણ રે,**
**તેહ વિનાતો કોટી ઉપાય રે,**
**આત્યંતિક કલ્યાણ ન થાય રે."**

સર્વોપરી પરમાત્માનું સર્વોપરી અક્ષરધામ જેને પ્રાપ્ત થાય તેને આત્યંતિક શ્રેય (કલ્યાણ) કહેવામાં આવે છે. જ્યાંથી ફરી પૃથ્વી પર પાછુ આવવું પડતું નથી. આત્યંતિક પ્રલયમાં ફક્ત ભગવાન, ભગવાનનું અક્ષરધામ અને અક્ષરધામના મુક્તો રહે છે, બાકી બધું નાશ પામે છે. સ્વામિનારાયણ ભગવાનને જે ભક્ત જેવા ઓળખે તે ભક્તની અંતકાળે તેવી ગતિ થાય છે. શ્રીકૃષ્ણ જેવા જાણે તો ગોલોક ધામ સુધી ગતિ થાય છે. સર્વોપરી સર્વાવતારી જાણે તો અક્ષરધામમાં પહોંચે છે. આત્યંતિક કલ્યાણ કરવું હોય તો પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થવી જ જોઈએ.

**પૂજા પ્રગટ, પ્રગટ ભજન, કરે નરનારી બહુ ભજન**
**નિઃસંશય થઈ નરનાર, ભજે પ્રગટ પ્રમાણ આધાર**

શ્રીજીમહારાજને એક જ ધ્યેય હતો કે આ સમયે અનંત જીવોને પોતાને શરણે લઈ તેનું કલ્યાણ કરવું છે. જે ભગવાનની પૂજા કરતા નથી, ને ભગવાનની મૂર્તિ ને નમતા નથી અને બીજા દેવમાં નિષ્ઠા બાંધીને તેનો અપાર મહિમા સમજી તેને માટે ઘણું ધન ખર્ચે છે. પણ એકડા વિનાના મીંડા જેવું તથા લવણ વિનાના વ્યંજન જેવું છે. બધાય રસ માત્ર અને સુખમાત્ર ભગવાનની મૂર્તિમાં જ રહેલાં છે. તેને તજીને બીજે સુખ માનનારા અમૃત તજીને ઝેર ખાય છે. ભગવાનના સંબંધ વિનાની ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય આદિ ગુણ પણ આત્યંતિક સુખનું કારણ થતા નથી. માટે પ્રગટ ભગવાનને ઓળખીને પ્રતીતિ કરવી. મુક્તાનંદ સ્વામી પણ આરતીમાં લખે છે જે.

**"પુરૂષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે પ્રભુ (૨)**
**કાળ કરમથી છુટી (૨) કુટુંબ સહિત તરશે... જયસદ્‌ગુરુ......."**

પ્રગટ ભગવાનને ઓળખી એમનો મહિમા સમજીએ અને આરતીના શબ્દો આપણે સમજીએ તો અપાર આનંદ આવે છે. મુક્તાનંદ સ્વામીના હૃદયમાં શ્રીહરિનો જેવો મહિમા છે, તેવો જ મહિમા આપણા હૃદયમાં હોય તો આ આરતીના શબ્દો આપણા માટે મોક્ષદાયી થાય છે.

**"સર્વે સિધ્ધાંતનો સિધ્ધાંત એહ જ, રેવું પ્રગટ પ્રભુ પરાયણ**
**મન વચન કર્મે કરી, ભજવા સ્વામિનારાયણ."**

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને ચંદનના વાઘાના દર્શન**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં બિરાજમાન શ્રીહરિના સ્વસ્વરૂપ એવા પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોને દર વર્ષની જેમ વૈશાખ સુદ-૩ ત્રીજ અક્ષય તૃતિયાના રોજથી ચંદન-સુખડના અલૌકિક વાઘાના દર્શન કરાવવામાં આવે છે. વરસો પહેલા હાથે ચંદન ઘસીને ભગવાનને ચંદન ચડાવવામાં આવતું. હાલના સમયમાં આધુનિક મશીનમાં ચંદન ઘસવામાં આવે છે. જેમાં માત્રા પણ વધુ હોય છે. જેથી સમગ્ર સ્વરૂપને વસ્ત્રોની જેમ વાઘા બનાવી ઠાકોરજીને ધરાવવામાં આવે છે. જે આબેહુબ અને અલૌકિક હોય છે. ગરમીના સમયમાં શિતળતા બક્ષે છે. ઠાકોરજીનાં પૂજારી બ્રહ્મચારી સંતો ભગવાનને ખૂબજ શ્રધ્ધા-ભાવનાથી સેવા કરીને શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનો રાજીપો મેળવે છે. હરિભક્તો પણ આવી સેવામાં યજમાન બની અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવે છે.

આવા ઠાકોરજીના ચંદનના વાઘાના દર્શન રોજે ન કરી શકતા હો તો એકવાર તો જરૂર દર્શન કરજ્યો. તો આપણા જીવને પણ ટાઢક મળશે અને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આપણા ઉપર ખૂબજ રાજી થશે. (શા. નારાયણમુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા દ્વારા સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શનથી તા. ૨૮-૪-૨૦૧૯ ને રવિવારના બીજી રવિ સભા અત્રે થઈ હતી. જેમાં સ્વામી ધર્મસ્વરૂપદાસજી (જેતલપુર) એ વચનામૃત ઉપર વિવેચન કરી કથાનું રસપાન કરાવ્યું હતું. આ સભાના યજમાન પ.ભ. જી.કે. પટેલ, હ. પાર્થ કલ્પા દર્શ આદિ રહ્યા હતા. વિશાળ સંખ્યામાં હરિભક્તોએ કથા શ્રવણ કરી અલ્પાહાર લઈ ધન્ય બન્યા હતા. (શા. સ્વા. ઉત્તમપ્રિયદાસજી - મહેસાણા મહંતશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધિણોજ ૯૨ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધિણોજનો ૯૨ મો પાટોત્સવ અ.નિ. મુલચંદદાસ પ્રભુદાસ મોદી હ. પુત્રી સુશીલાબેન જસવંતલાલ મોદી તરફથી ઉજવાયો. ઠાકોરજીની મહાપૂજા અને અભિષેક અને અન્નકૂટ આરતી મહેસાણા, જમીયતપુરા અને હિંમતનગરના મહંત સ્વામી દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે મહેસાણા, કરશનપુરા અને મોટપ ગામના હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (હિતેન્દ્રસિંહ - મહેસાણા મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ ૧૦૬ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા મહંત શા. સ્વા. ઉત્તમપ્રિયદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપનો ૧૦૬ માં પાટોત્સવ પ્રસંગે ૧૦૬ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની પૂર્ણાહુતિ તા. ૮-૫-૧૯ ના રોજ કરવામાં આવી હતી. તા. ૯-૫-૧૯ ના રોજ પાટોત્સવ પ્રસંગે મૂ.અ.મૂ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ આપેલા પ્રસાદીના માખણીયા લાલજી મહારાજનો પંચામૃત મહાભિષેક મહેસાણાના મહંત સ્વામી અને સાથે યજમાનશ્રી અને પ.ભ. જી.કે. પટેલ (પૂર્વ ટ્રસ્ટીશ્રી) આદિ જોડાયા હતા. પૂજા વિધિ શા. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (બીલીયા) એ કરાવી હતી. ત્યાર બાદ સભા, અન્નકૂટ આરતી થઈ હતી. મંદિરના ટ્રસ્ટીશ્રીઓ અને મંત્રી અશોકભાઈએ સુંદર સહયોગ આપ્યો હતો. (પાર્થ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પલસાણા સુવર્ણ જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર પલસાણાનો સુવર્ણ જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી વિષ્ણુયાગ અને શ્રીમદ્ સત્સંગિભૂષણ

ત્રિદિનાત્મક કથા તા. ૭-૫-૧૯ થી તા. ૯-૫-૧૯ પર્યન્ત સ.ગુ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. પ્રથમ દિવસે પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્રણે દિવસ ગામ ધૂમાડા બંધ જમાડેલ. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ્વામી હરિકૃષ્ણદાસજીએ શોભાવ્યું હતું. ત્રણેય દિવસ ધાર્મિક, સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમ સુંદર રીતે થયા હતા. ગામના તમામ હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. (સોમાભાઈ હરજીવનદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ૧૪ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી ધર્મસુતપ્રિયદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલનો ૧૪ મો પાટોત્સવ તા. ૧૧-૫-૧૯ વૈશાખ સુદ-૭ ના રોજ બોપલ મહિલા સત્સંગ મંડળના યજમાન પદે થયો હતો. જેમાં ભગવતીબેન માધુભાઈ પટેલના યજમાન પદે સૌ પ્રથમ મહાપૂજાનો પ્રારંભ કરી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના હસ્ત કમળ દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક તથા આરતીના દર્શન કરી સર્વે હરિભક્ત બહેનોએ ધન્યતા અનુભવી હતી. સાથે સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટ આરતી વિધિવત રીતે સંપન્ન થઈ હતી. ત્યારબાદ સભામાં રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે કાલુપુર, પેથાપુર, બાવળા, મૂળી આદિ ધામો ધામથી સંતો પધાર્યા હતા. છેલ્લે મહાપ્રસાદ સૌએ લીધો હતો. સર્વે ભક્તોએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. કોઠારીશ્રી અમૃતભાઈ પટેલ, શ્રી નવિનભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ મોદી, વિપુલભાઈ સોની, માધુભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ અને સ્વયં સેવક ભાઈઓ અને બહેનોએ સુંદર સેવા બજાવી હતી. (પ્રવિણ ઉપાધ્યાય - બોપલ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી હિંમતનગરની આજુબાજુના ગામોમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી.

(૧) કાણીયોલ ગામે મહાદેવજીના મંદિરના ચોકમાં સુંદર સત્સંગ સભાનો લાભ અનેક હરિભક્તોએ લીધો હતો. તા. ૭-૪-૧૯ રવિવારના રોજ નવા ગામે સત્સંગ સભા થઈ હતી. રામનવમીના તા. ૧૪-૪-૧૯ ના રોજ હિંમતનગર મંદિરની નૂતન જગ્યામાં નૂતન મંદિરની બાજુમાં ઠાકોરજીનું રસોડું, સંત નિવાસ, સભા મંડપ અને ઉતારા આદિનું ખાતમુહૂર્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થયું હતું. જેમાં મુખ્ય યજમાન પ.ભ. રામાભાઈ ડાહ્યાભાઈ પટેલ પરિવાર, શ્રી સુરેશભાઈ પટેલ, આદિએ લાભ લીધો હતો. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા.

સમગ્ર આયોજન અત્રે મંદિરના મહંત સ્વામી, જસુભાઈ પટેલ, જે.ડી. પટેલ, ડૉ. કે.કે. પટેલ અને અમૃતલાલ પટેલ આદિએ કર્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ઘનશ્યામ મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી. (જીગર ભાવસાર - હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા હિંમતનગર મંદિરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૧૨-૫-૧૯ રવિવારના રોજ ઈલોલ ગામે સુંદર સત્સંગ સભા કરવામાં આવી હતી. જેમાં હિંમતનગર અને આજુબાજુના ગામોના હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો. સંતોએ શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા અને ધર્મકુળની વફાદારીની વાતો કરી હતી. સમગ્ર આયોજનમાં કોઠારી કિરીટભાઈ પટેલ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે સેવા બજાવી હતી. (કૃણાલ ભગત - ઈલોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાયલ (ઢાંખરોલ) મૂર્તિ પ્રતિષ્ઠા**

પરબ્રહ્મ પરમકૃપાળુ ઈષ્ટદેવ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સ.ગુ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) પ.ભ. સતીષભાઈ અજમેરા (એન્જીનીયર) શ્રી અરવિંદભાઈ ભાઈચંદભાઈ પટેલ, ભુલાભાઈ ભાઈચંદભાઈ પટેલ અને પ્રિયંકકુમાર અરવિંદભાઈ પટેલ આદિ સૌના નિર્માણ કાર્યના સહયોગથી બાયલ (ઢાંખરોલ)માં ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા તા. ૧૧-૫-૧૯ થી તા. ૧૪-૫-૧૯ દરમ્યાન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ત્રિદિનાત્મક રાત્રીય શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પારાયણ સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી

(ગાંધીનગર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. પોથીયાત્રા, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, અન્નકૂટ આદિ પ્રસંગો ભવ્યતાથી ઉજવાયા. આવા સુંદર અલૌકિક કાર્ય માટે પ.ભ. ભૂલાભાઈ પટેલના પરિવારે મંદિર માટે ભૂમિદાન કરીને પોતાનું અને આવનાર પેઢીનું પણ આત્મશ્રેય સાધી લીધું. આ પ્રસંગમાં ગામના તમામ હરિભક્તોએ નાના-મોટી તમામ પ્રકારની સેવા કરીને ભગવાન શ્રીહરિને રાજી કરી લીધા. તા. ૧૪-૫-૧૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. સમગ્ર ગામને રૂડા આશીર્વાદ આપી સૌ સેવા કરનાર ઉપર પણ ખૂબજ રાજીપો દર્શાવ્યો. ધામોધામના સંતો પણ મોટી સંખ્યામાં પધાર્યા હતા.

સમગ્ર પ્રસંગ દિવ્ય અને ભવ્ય હતો. પ્રસંગ દરમ્યાન સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. નારાયણમુનિદાસજી (કોટા મહંતશ્રી) અને સ.ગુ. શા.સ્વા. ગોપાલજીવનદાસજી (પ્રાંતિજ)એ સુંદર રીતે શોભાવ્યું હતું. ગામમાં મંદિર થતા ઘણા શ્રીહરિના નવા મુમુક્ષુઓ-આશ્રિતો થયા છે. જે એક મોટું અને અલૌકિક કામ થયું છે. સંતો રાત દિવસ સત્સંગ માટે અવિરત પ્રવૃત્તિ કરી રહ્યા છે. ધન્ય છે આવા સંતોને પણ. (કોઠારીશ્રી બાયલ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતપુરા (લાકરોડા) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાસહ આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ તાબાના હિંમતપુરા (લાકરોડા) તા, માણસા ખાતે પૂ. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા અને માર્ગદર્શનથી તથા દેશો-દેશમાં વસતા સૌ ભક્તોના સાથ સહકારથી તથા સમસ્ત ગ્રામજનોની અથાક મહેનત અને તન, મન, ધનના સમર્પણથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૭-૫-૧૯ થી ૨૯-૫-૧૯ પર્યંત ઉજવાયો. બહેનોના સત્સંગથી ઉદ્ભવેલું ભક્તિનું ઘોડાપુર મંદિરના રૂપમાં સાકાર થતા ગામનો હર્ષોલ્લાસ ચરમસીમાએ પહોંચેલો. મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત કથા, કૃષ્ણ જન્મોત્સવ, અન્નકોટ, નગરયાત્રા આદિક અનેકવિધ કાર્યક્રમોથી ઉત્સવ મંગલકારી બન્યો. ચૌધરી સમાજના સૌ ભક્તોએ પણ આમાં વિશેષ હાજરી આપી નવનિર્મિત મંદિરના ભક્તજનોનો ઉત્સાહ વધાર્યો. કથાના વક્તાપદે સ.ગુ.શા. સ્વામી શ્રી રામકૃષ્ણદાસજીએ બિરાજી સુંદર લાભ આપ્યો તથા પૂ. મુનિ સ્વામી (કાલુપુર) ચૈતન્ય સ્વામી (ગાંધીનગર), ગોપાલ સ્વામી (મોયદ), વ્રજવલ્લભ સ્વામી (મૂળી), દિવ્યપ્રકાશ સ્વામી (નારાયણઘાટ), વ્રજ સ્વામી (કોટેશ્વર) આદિ સંતોએ પણ ઉત્સવમાં ખૂબ સહયોગ આપી ભક્તોને ધન્ય બનાવ્યા. અંતિમ દિને પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી ચૌધરી સમાજના ભક્તોની નિષ્ઠાને યાદ કરી સત્સંગની પણ વૃધ્ધિ થાય એવા આશીર્વાદ પાઠવ્યા. બહેનોને દર્શન આપી સત્સંગની દૃઢતા કરાવવા પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીએ પણ પધારી ગામને ધન્ય કર્યું. (કોઠારીશ્રી સુરેશભાઈ ચૌધરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મીઠાખળી (અમદાવાદ) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાસહ આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ તાબાના મીઠાખળી (અમદાવાદ)માં આજથી ૧૩૩ વર્ષ પહેલા નિર્માણ પામેલ હરિમંદિરના સ્થાને નૂતન ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય કાલુપુર મંદિર તથા સૌ ભક્તોના સાથ સહકારથી પૂ. પી.પી. સ્વામી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી પૂર્ણ થતા નૂતન મંદિરનો ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૮-૫-૧૯ થી તા. ૧૧-૫-૧૯ પર્યંત ઉજવાયો. મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત કથા, યજ્ઞ, નગરયાત્રા, પોથીયાત્રા, ધર્મકુળ, સંતોની પધરામણીથી દિવ્ય બન્યો. કથાના વક્તાપદે સ.ગુ. શા. સ્વામી શ્રીરામકૃષ્ણદાસજીએ બિરાજી કથાનું રસપાન કરાવ્યું. પૂ. મહારાજશ્રીએ પ્રતિષ્ઠા બાદ સેવા કરનાર સૌ ભક્તો તન, મન, ધનથી ખૂબ સુખી થાય અને જીવનમાં ભક્તિ શ્રી નરનારાયણદેવની શ્રદ્ધામાં વૃદ્ધિ થાય એવા આશીર્વાદ પાઠવ્યા હતા. (હર્ષિલભાઈ ઠક્કર)

**મોડાસા (નાલંદા-૨) શ્રી સ્વામિનારાયણ મંદિર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર નાલંદા-૨ મોડાસામાં તા. ૩૦-૫-૧૯ ના રોજ એકાદશીના દિવસે ઘનશ્યામ મહિલા મંડળ દ્વારા ઠાકોરજીને કેરીનો મનોરથ ભર્યો હતો. અત્રેના ધર્મપ્રેમી લોકોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે શ્રીમતી ડાહીબેન પ્રજાપતિ અને સમગ્ર મહિલા મંડળની બહેનોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (કોઠારીશ્રી મોડાસા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**હરિપર ગામે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી મૂળી મંદિરના અ.નિ. સ.ગુ. સ્વામી વિજ્ઞાનદાસજીની સ્મૃતિમાં તેમના શિષ્ય મંડળ સ્વામી જીષ્ણુચરણદાસજી, શા.

ધર્મવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણાથી તેમજ સુરેન્દ્રનગર મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીના સાથ સહકારથી હરિપર ગામે ભાઈઓનું પાંચ શિખરનું સુંદર હરિ મંદિર અને બહેનોના મંદિરમાં ઠાકોરજીનું નૂતન સિંહાસન તેમજ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૩૦-૪-૧૯ થી તા. ૬-૫-૧૯ દરમ્યાન ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ્વામી ત્યાગવલ્લભદાસજી (સુરેન્દ્રનગર) અને શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (મૂળી)ના વક્તાપદે થઈ હતી.

ત્રિદિનાત્મક શ્રીહરિયાગ, અન્નકૂટ, નગર યાત્રા, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યાખ્યાન માળા જેવા અલૌકિક કાર્યક્રમ થયા હતા.

તા. ૬-૫-૧૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા અને બન્ને મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. ત્યારબાદ સમસ્ત સભાને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. ભક્તિનંદન સ્વામી અને શા. વ્રજવલ્લભદાસજીએ શોભાવ્યું હતું. સમગ્ર આયોજન અને માર્ગદર્શન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. રસોડાની સેવામાં વત્સલ સ્વામી, નિત્યપ્રકાશ સ્વામી અને સત્સંગસાગર સ્વામી રહ્યાં હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા - પ્રતિ. અનિલ દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બલદાણા પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સુરેન્દ્રનગર મંદિરના સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી બલદાણા ગામના બન્ને શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ તા. ૧૧-૫-૧૯ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૭-૫-૧૯ થી તા. ૧૧-૫-૧૯ પર્યન્ત ધીરજ આખ્યાનની રાત્રીય કથા શા.સ્વા. સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી. ઠાકોરજીને અભિષેક અન્નકૂટ સુંદર રીતે થયા હતા.

સમગ્ર આયોજન સુરેન્દ્રનગર મંદિરના કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી થયું હતું. ગામના હરિભક્તોએ કથા શ્રવણ, દેવ દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. અન્ય સેવામાં પૂજારી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી, પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી અને પાર્ષદ કનુ ભગત રહ્યા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી મીડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં સત્સંગ ખૂબજ વૃધ્ધિ પામ્યો છે. અત્રે મંદિરમાં ઠાકોરજીની સેવા પૂજા સુંદર શણગાર આરતી આદિ બ્રહ્મચારી કે.પી. સ્વામી ખૂબજ પ્રેમ ભાવ શ્રધ્ધાથી કરીને હરિભક્તોને રાજી કરે છે. અત્રે મંદિરમાં નેસવીલથી પધારેલા શા. સ્વામી સત્યસ્વરૂપદાસજી (સુરેન્દ્રનગર) ગુરુ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીએ સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત અવતાર ચિંતામણીની કથા સંગીતના માધ્યમથી કરીને હરિભક્તોને આનંદિત કર્યા હતા.

અહીંનું યુવક મંડળ પણ ખૂબજ સક્રિય છે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી અનેકવિધ પ્રવૃત્તિમાં સેવામાં અગ્રેસર રહે છે. (વસંત ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા વિહોકન મંદિરના મહંત સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે. આપણા આઈ.એસ.એસ.ઓ. ના ઈતિહાસમાં સૌ પ્રથમવાર 'મધર-ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. પૂ. ભક્તિમાતાની ૨.૫ ટ ૫ ફૂટની મૂર્તિ બનાવવામાં આવી હતી. આપણા મંદિરમાં ચાલતા ગુજરાતી કલાસના ૩૦ બાળકોએ ભક્તિમાતાનું ફુલોથી પૂજન કરી કેક કાપીને આરતી ઉતારી હતી. સૌ હરિભક્તો પણ પૂજનમાં જોડાયા હતા. સ્વામીએ કથાના રૂપમાં માતા-પિતાનું સેવાનું મહત્વ સમજાવ્યું હતું. અત્રે મેડીકલ કેમ્પના આયોજનમાં ૧૨૦ જેટલા ભાઈ-બહેનો એ ભાગ લીધો હતો. આઠ ડૉકટરોએ જુદા જુદા વિભાગમાં દાંત, આંખ, હૃદય આદિનું ફીજીકલ ચેકીંગ કર્યું હતું. જેમાં આપણા યુવાનોએ સુંદર સેવા આપી હતી. (બળદેવભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલ્ટીમોર ડી.સી.**
**(કાલુપુરધામ)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી

કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર બાલ્ટીમોર (વોશિંગ્ટન ડી.સી.) (કાલુપુરધામ) ખાતે ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમૂહ મહાપૂજા શા. સ્વા. વિજયપ્રકાશદાસે વિધિવત રીતે કરાવી હતી.

રાસ ગરબા, કીર્તન ભક્તિ કરીને રાત્રે ૧૦-૧૦ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ભવ્યતાથી ઉજવાયો હતો. હરિભક્તો સમૂહ આરતીમાં જોડાયા હતા.

ચૈત્ર સુદ-૧૫ હનુમાન જયંતીના ધર્મકુળના કુળ દેવતા શ્રી હનુમાનજી મહારાજનું પૂજન અર્ચન આરતી યજમાન દ્વારા સ્વામીએ વિધિવત રીતે કરાવી હતી. શ્રી હનુમાન જયંતીની કથા પણ કરવામાં આવી હતી. (પૂજારીશ્રી વોશિંગ્ટન ડી.સી.)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની છપૈયાધામ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી અભિષેકપ્રસાદદાસજીના સુંદર માર્ગદર્શનથી આપણા પારસપની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી હનુમાન જયંતી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૫ મો પ્રાકટ્યોત્સવ સૌ સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો. સૌ પ્રથમ સભામાં મહામંત્ર ધૂન, કીર્તન ભક્તિ બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન સંત-હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. સભામાં મહંત સ્વામીએ પ.પૂ. મોટા મહારાજશ્રીની સત્સંગની વિરાટ-અવિરત પ્રવૃત્તિઓને યાદ કરી હતી. શ્રી હનુમાનજી મહારાજની આરતી પૂજન અર્ચન અને શ્રી હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. યજમાનોનું સન્માન કરી સૌએ ઠાકોરજીના દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એલન ટાઉન શ્રી હનુમાન જયંતી ઉત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી ડી.કે. સ્વામીના સુંદર માર્ગદર્શનથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર એલનટાઉનમાં શ્રી હનુમાન જયંતીના શુભ દિવસે શ્રી હનુમાનજીનું પૂજન-અર્ચન-આરતી બાદ કથાના રૂપમાં મહંત સ્વામીએ શ્રી હનુમાનજીનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું. શ્રી હનુમાન ચાલીસા પાઠ જનમંગલના પાઠ સમૂહમાં કર્યા હતા. અત્રે મંદિરમાં સેવા કરનાર સૌ ભક્તોને યાદ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રેસિ. શ્રી ભીખાભાઈએ દેશ-વિદેશના આપણા મંદિરોમાં થતા ઉત્સવોની માહિતી આપી હતી. રસોડામાં સેવા કરનારનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન શ્રી હનુમાન જયંતી ઉત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટનમાં વિકેન્ડ શનિવારના સાંજના ૫ થી ૮ દરમ્યાન અત્રે મંદિરમાં સેવા પૂજા કરતા સુવ્રત સ્વામી અને મહેન્દ્ર ભગત દ્વારા સભામાં શ્રી હનુમાન જયંતી નિમિત્તે સંગીતના મધુર તાલે ધૂન કીર્તન કરીને શ્રી હનુમાનજી મહારાજનું મહિમા માહાત્મ્ય કથાના રૂપમાં કહ્યું હતું. દાદાનું પૂજન-અર્ચન આરતી બાદ સમૂહમાં શ્રી હનુમાન ચાલીસાના પાઠ તેમજ સુંદરકાંડના પાઠ મ્યુઝિક પાર્ટી સાથે કરવામાં આવ્યા હતા. સાથે સાથે સુંદર મારૂતિ યજ્ઞ-અન્નકૂટ વિધિવત રીતે થયા હતા. યજમાનોનું સન્માન બાદ પૂર્ણાહુતિની આરતી કરી દર્શન કરી સૌએ સમૂહમાં પ્રસાદ લીધો હતો. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં પ.પૂ. મોટામહારાજશ્રીનો ૭૫ મો પ્રાકટ્યોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શનિવાર વિકેન્ડ દરમ્યાન આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૫ મો પ્રાકટ્યોત્સવ મહંત સ્વામી અને ભરત ભગતના માર્ગદર્શનથી સૌ હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો.

સૌ પ્રથમ મહામંત્ર ધૂન-કીર્તન ભક્તિ બાદ મહંત સ્વામીએ શ્રીહરિનું પવિત્ર કુળ ધર્મકુળનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીનો દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વિશે પણ સૌને વિશેષ માહિતગાર કર્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન કરી કેક કાપી પ્રાકટ્યોત્સવ ઉજવ્યો હતો. યજમાનોનું સન્માન બાદ સૌ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. (પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ચૈત્ર સુદ-૨ | ફીચડીયા વિમલભાઈ કાંતિભાઈ (કાજુ બદામ મૈસુબ) | |
| ચૈત્ર સુદ-૨ | પટેલ મનુભાઈ વિઠ્ઠલદાસ (ચુરમાના લાડુ) | ઈટાદરા |
| ચૈત્ર સુદ-૨ | પટેલ ઘનશ્યામભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૨ | પટેલ બાબુભાઈ મોહનભાઈ (ચુરમાના લાડુ) | રતનપર |
| ચૈત્ર સુદ-૨ | સોની રાજેશભાઈ મનસુખભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૫ | દેસાઈ રાજન અનીલકુમાર (દૂધપાક માલપુંવા) | કેનેડા |
| ચૈત્ર સુદ-૫ | અ.નિ. રાબડીયા રવજીભાઈ હિરજીભાઈ (મોહનથાળ) | વાડાસર |
| ચૈત્ર સુદ-૫ | મનસુખભાઈ (મોહનથાળ) | ઉપલેટા |
| ચૈત્ર સુદ-૫ | અ.નિ. વિસરામ નાથા પાચાણી, અ.નિ. અમરબાઈ વિસરામ (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| ચૈત્ર સુદ-૭ | નિલેશભાઈ (પુત્ર જન્મ પ્રસંગે) (મોહનથાળ) | નિકોલ |
| ચૈત્ર સુદ-૮ | ત્રિવેદી પાર્થ હેમંતકુમાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૦/૧૧ | પટેલ ધર્મ બી. (શિખંડપુરી) | ગાંધીનગર |
| ચૈત્ર સુદ-૧૦/૧૧ | પટેલ મનહરલાલ નાથાલાલ (મગસ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૦/૧૧ | ધર્મેશ ભગત (દીક્ષા નિમિત્તે) (મગસ) | જેતલપુર |
| ચૈત્ર સુદ-૧૩ | અ.નિ. વાસુદેવભાઈ ગજ્જર (કાજુ બદામ મૈસુબ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૩ | કુમાર નિલેશ જીવરાજ હિરાણી (માલપુંવા) | કચ્છ |
| ચૈત્ર સુદ-૧૩ | વાઘેલા વિલાસબા રતનસિંહ (બુંદીના લાડુ) | ગાંધીનગર |
| ચૈત્ર સુદ-૧૩ | મહિલા મંડળ મોટા સમઢીયાળા (બુંદી) | |
| ચૈત્ર સુદ-૧૩ | પરમાર જીરાજભાઈ અરજણભાઈ (મોતૈયા લાડુ) | સુરત |
| ચૈત્ર સુદ-૧૪ | મોરી રામભાઈ જેઠુભાઈ (મગસ) | કાલીયાણા |
| ચૈત્ર સુદ-૧૪ | જવાતીબેન હરિલાલ પરમાર (મગસ) | જામસર-હાલાર |
| ચૈત્ર સુદ-૧૫ | પાનસુરીયા બાબુભાઈ શંભુભાઈ ( શિખંડપુરી) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૫ | ડૉ. શાને પરિવાર (શિખંડ પુરી) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૫ | અ.નિ. ઠક્કર મંગળાબેન જસવંતલાલ (શિખંડપુરી) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧ | શાહ કવિન્દ્રાબેન એસ. (મોહનથાળ) | |
| ચૈત્ર વદ-૧ | અ.નિ. બ્ર. શા. સ્વામી જગતપ્રકાશાનંદજીની ત્રયોદશા નિમિત્તે (પાંચ પકવાન) | કાલુપુર મંદિર |
| ચૈત્ર વદ-૨ | જોશી હાર્દિક દિનેશભાઈ (ફ્રુટ મઠો) | વહેલાલ |
| ચૈત્ર વદ-૨ | ચૌધરી સોમાભાઈ ગોબરભાઈ (મગસ) | પ્રતાપપુરા |
| ચૈત્ર વદ-૨ | પટેલ જસવંતભાઈ ફુલાભાઈ (ફ્રુટ મઠો) | મોટેરા |
| ચૈત્ર વદ-૨ | અ.નિ. કાંતાબેન નટવરલાલ પૂજારા (મગસ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૩ | પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ દિન પ્રસંગે | |
| ચૈત્ર વદ-૩ | પટેલ બળદેવભાઈ સોમાભાઈ (શિખંડ પુરી) | ઈસંડ |
| ચૈત્ર વદ-૪ | સોલંકી ભરતભાઈ રામજીભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | બાપુનગર |
| ચૈત્ર વદ-૪ | પરમાર વનીતાબેન દિનેશભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | પૂના |
| ચૈત્ર વદ-૪ | અ.નિ. સાં. સામબાઈ રામજી રાબડીયા (ડ્રાઈફ્રુટ હલવો) | વાડાસર-કચ્છ |
| ચૈત્ર વદ-૫ | રાખોલીયા મુક્તાબેન ખીમજીભાઈ (મોહનથાળ) | માધાપર-કચ્છ |
| ચૈત્ર વદ-૫ | ગોરસીયા પ્રેમજીભાઈ મુરજી (મોહનથાળ) | માધાપર-કચ્છ |
| ચૈત્ર વદ-૬ | ગજ્જર જ્યોતિબેન ચંદુલાલ (મોહનથાળ) | રાજકોટ |
| ચૈત્ર વદ-૭ | હાલાઈ શિવજીભાઈ દેવરાજભાઈ (ચુરમાના લાડુ) | દહીસરા-કચ્છ |
| ચૈત્ર વદ-૮ | સાં. રસીલાબાઈ શામજી કરશન (મોહનથાળ) | કચ્છ |
| ચૈત્ર વદ-૯ | ભાવસાર ભોગીલાલ વાડીલાલ (શિખંડપુરી) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૯ | મકવાણા રૂત્વિક ચંદ્રકાંતભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૦ | હિરાણી વાલજી કરશન (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| ચૈત્ર વદ-૧૦ | અ.નિ. ગોરસીયા કાનબાઈ ઝીણા (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| ચૈત્ર વદ-૧૨ | ભુવા રતનબેન શિવજી(મોહનથાળ) | કચ્છ |
| ચૈત્ર વદ-૧૩ | પટેલ ધાર્મિક હિતેશભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૩ | પટેલ પ્રભુદાસ શામળદાસ (સાટા) | અંબાપુર |
| ચૈત્ર વદ-૩૦ | પટેલ લીનાબેન ધર્મેન્દ્રકુમાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૩૦ | રાબડીયા વાલબાઈ રામજી (ચુરમાના લાડુ) | કચ્છ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર — લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ) ઈસ્ટ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા
૧૦૦/- પટેલ બળદેવભાઈ વિસાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- પટેલ પૂંજાભાઈ હીરદાસ ગ્રામસેવક પરિવાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે — મહેસાણા
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસના સ્મરણાર્થે — મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસના સ્મરણાર્થે — સાબરમતી
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલના સ્મરણાર્થે — સાબરમતી
૧૦૦/- મોદી લીલાબેન રમેશચંદ્રશ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૧/- નિલમબેન નીતિનકુમાર — કપડવંજ
૨૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે — કરજીસણ
૧૦૧/- અ.નિ. સોની અપૂર્વ રશ્મિકાંતના સ્મરણાર્થે — દહેગામ
૧૦૦/- પટેલ જયંતીભાઈ હિરાભાઈ ચિ. ભાણા શ્રેયસની સગાઈ પ્રસંગે — વહેલાલ
૨૦૨/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૧૦૧/- પટેલ કાંતાબેન સોમાભાઈ ચિ. સ્મિતા તથા કૌમિલકુમાર તથા ક્રિશા ઓસ્ટ્રેલીયાના પી.આર. થયા તે નિમિત્તે — રાયસણ
૧૦૦/- પરમાર હરિભાઈ મોતીભાઈ જયશ્રીબેનના ભાણાના જન્મ પ્રસંગે — બળોલવાળા
૨૦૦/- પટેલ મનોજભાઈ નારણભાઈ ચિ. ધ્યાનના જન્મ દિને — ગવાડા
૨૦૦/- મીરાણી ભગવાનજી પ્રમીલા-જયા-વિમળા શ્રીજી પ્રસન્નાર્થે — આદિપુર-કચ્છ
૫૦૦/- પટેલ રાવજીભાઈ ચિમનભાઈ ઝેણાભાઈ ચિ. હિતેષના સ્મરણાર્થે — ધમાસણા
૨૦૧/- પટેલ ગીરીશભાઈ પૂંજાભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે — કનીપુર
૧૦૧/- ચાવડા ભગીરથસિંહ ખોડુભા ને ત્યાં ચિ. મનસ્વીના જન્મ પ્રસંગે — બળોલવાળા
૧૦૧/- ચાવડા ખોડુભાઈ ભુદરભાઈ તા. ૧-૫-૧૯ જન્મ દિને — બળોલવાળા
૧૦૧/- પટેલ અમિતભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ચાંદખેડા
૧૦૦/- ચાવડા ગોવિંદભાઈ જેશંગભાઈ ચિ. પૂજાબાને ત્યાં ભાણીના જન્મ પ્રસંગે — બળોલવાળા
૨૦૦/- પટેલ યશ રાજેશકુમાર સુરતમાં સારી કું. માં જોબ નિમિત્તે — સાબરમતી
૫૦૦/- અ.નિ. પટેલ કાશીબેન વિઠ્ઠલભાઈના સ્મરણાર્થે — ઝુંડાલ
૨૦૨/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — સેટેલાઈટ
૨૦૦/- પટેલ દશરથભાઈ પ્રહલાદભાઈ ચિ. માનસી સારા ટકાએ પાસ થઈ તે નિમિત્તે — નરોડા
૫૦૦/- પટેલ ક્રિશવ બ્રિજેશભાઈ જન્મ દિને — હિરામોતી
૧૦૦/- પટેલ જસુભાઈ શામળભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ધમાસણા
૫૦૧/- પટેલ હરજીવનદાસ દેવજીભાઈ જન્મ દિને — ગોઠીબ
૧૦૦/- અમીન માનવ જસ્મિન શ્રીજી પ્રસન્નાર્થે — દહેગામ
૧૦૧/- કા. નવીનચંદ્ર જીવરામભાઈ જન્મ દિને — બાલાસિનોર
૧૦૦/- શ્રી ઘનશ્યામ ટ્યુશન કલાસીસ શ્રીજી પ્રસન્નાર્થે — બાલાસિનોર
૨૦૦/- અ.નિ. ઠક્કર ઘનશ્યામભાઈ પરસોત્તમભાઈ પુણ્યતિથિ નિમિત્તે — અમદાવાદ
૨૦૧/- ઘનશ્યામ પ્લાસ્ટ રાકેશભાઈ તેજેશભાઈ પટેલ — લસુન્દ્રાવાળા
૧૦૦/- મોરી નિધિ પ્રકાશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- સિંધવ રૂદ્રસિંહ હર્ષદસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — વણી
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ અંબાલાલ ૪૫ મી લગ્ન તિથિ નિમિત્તે — ઉવારસદ
૧૫૧/- ચાવડા અક્ષરાજસિંહ યશવંતસિંહ પ્રથમ જન્મ દિને — નવા વાડજ
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ અંબાલાલ ભગત બહેનોના નૂતન મંદિર નિમિત્તે — વડુ
૨૦૦/- પટેલ આલોક દિનેસભાઈ મંગળદાસ ધો-૧૦ સીબીએસસીમાં ૯૪ ટકા નિમિત્તે — સોજાવાળા
૧૦૧/- ડાભી સંદિપજી રાજાજી ચિ. પ્રતિકસિંહના જન્મ દિને — ડાંગરવા
૧૦૧/- મોદી ભોગીલાલ મોતીલાલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે — ચાણસ્મા
૫૦૦/- પટેલ દિવ્ય વિપુલકુમાર કાંતિભાઈ ધો-૧૦ સી.બી.એસ.સી.માં ૮૯ ટકા નિમિત્તે — ઝુંડાલ
૧૦૧/- પરમાર ભગવાનભાઈ ત્રિકમભાઈ છપૈયા પદયાત્રા નિમિત્તે — બળોલ
૧૦૧/- રાઠોડ રતનશીભાઈ ધરમશીભાઈ તેમના ધર્મપત્ની શાંતાબેનના સ્મરણાર્થે — જીરાગઢ
૧૦૦/- પટેલ લલીતાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૧૦૦/- પટેલ ધીરેનકુમાર રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૧૦૦/- ચૌધરી કાંતિભાઈ કાનજીભાઈ ચિ. જોય (ભાણો)ના જન્મ પ્રસંગે — આમજા
૩૦૧/- શિંગાળા હેતલબેન અશોકભાઈની શ્રીહરિકૃપાથી સર્જરી સફળ થઈ તે નિમિત્તે — ટીંબડી
૧૦૧/- રાજપરા ભાનુબેન મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઢસા
૨૫૦/- અમીન વર્ષાબેન જગદીશભાઈ મોતીયાના સફલ ઓપરેશન નિમિત્તે — દહેગામ
૨૦૦/- પટેલ નવ્યા શિરીન પ્રથમ જન્મ દિને — પોર
૧૦૦/- પટેલ દક્ષાબેન વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — દહેગામ
૧૦૦/- મોદી નિલમબેન અલ્પેશભાઈ ચિ. હિરવાના જન્મ પ્રસંગે — બાપુનગર
૨૦૦/- પટેલ રમીલાબેન હર્ષદભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે — કનીપુર
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ કાંતિલાલ નવી ગાડી લીધી તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ સુધાબેન વિનોદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ધમાસણા
૧૦૧/- ઠક્કર ઘનશ્યામભાઈ પોપટભાઈ કિશાંગ (ભાણો)ના જન્મ દિને — અમદાવાદ
૧૦૧/- ભાવસાર કવિતા રાજેન્દ્રકુમાર પુલ્હાશ્રમયાત્રા નિમિત્તે — નવાવાડજ
૧૦૧/- પટેલ સુકેશકુમાર ભરતભાઈ લગ્ન પ્રસંગે — સાપાવાડા
૧૦૧/- પંડ્યા કથન હરશેન્દ્રકુમાર ડેન્ટલ કોલેજમાં એડમીશન નિમિત્તે — વટવા
૧૦૦/- મોરી સિધ્ધરાજ ઘનશ્યામભાઈ ધો-૧ માં ૯૯.૫% ટકા આવ્યા તે નિમિત્તે — કાલીયાણા

| | | |
|---|---|---|
| ૨૦૧/- | ઠક્કર સોમચંદભાઈ હેમચંદભાઈ | ઓઢવ |
| | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | |
| ૨૦૦/- | પટેલ મુકેશભાઈ અંબાલાલ | ગવાડા |
| | ચિ. ધારાને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે | |
| ૨૫૧/- | વરૂ ઉર્મિલાબેન રાજેશભાઈ ૨૧ મી લગ્ન તિથિ નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૦/- | પટેલ સ્નેહાબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | લવારપુર |
| ૨૦૦/- | પટેલ રવિ મહેન્દ્રભાઈ જન્મ દિને | માણેકપુર |
| ૧૦૦/- | પટેલ વિજ્યાબેન રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કલોલ |
| ૨૦૦/- | પટેલ ધૈર્ય પરેશકુમાર ધો-૧ માં ૯૮ ટકા નિમિત્તે | કલોલ |
| ૧૦૦/- | ચૌધરી મિત ડાહ્યાભાઈ ધો-૮ માં ૯૬ ટકા નિમિત્તે | મકાખાડ |
| ૧૦૦/- | ચૌધરી પૃથ્વેશ નિકુલભાઈ ફોઈના લગ્ન નિમિત્તે | મકાખાડ |
| ૧૦૦/- | પટેલ પાયલ કાંતિભાઈ શિક્ષકની જોબ નિમિત્તે | મેડા |
| ૧૦૦/- | સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ઝુલાસણ |
| ૧૫૧/- | જાની ઈન્દ્રવદન હરિહરભાઈ | ગાંધીનગર |
| | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | |
| ૧૦૦/- | પટેલ અમૃતભાઈ પૂંજાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સઈજ |
| ૧૦૦/- | પટેલ પ્રવિણકુમાર જગજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે | જાનવડ |
| ૨૦૦/- | ચૌધરી હેનીબેન હર્ષદ ભગવાનભાઈ | માણેકપુર |
| | અમેરિકા ગયા તે નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ કોકીલાબેન વિષ્ણુભાઈ ભગત મેરેજ એનિવર્સરી નિમિત્તે | વડુ |
| ૨૦૦/- | પટેલ રૂચિતકુમાર સંજયભાઈ જન્મ દિને | રતનપુર |
| ૧૦૦/- | ડાભી ઘનશ્યામજી રજુજી | ડાંગરવા |
| | તેમના માતુશ્રીની માસિક પુણ્યતિથિ નિમિત્તે | |
| ૧૦૦/- | વાઘેલા હંસરાજ દિગ્વિજયસિંહ તા. ૪-૪ જન્મ દિને | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા ધૈર્યરાજસિંહ જયદિપસિંહ તા. ૧૫-૪ જન્મ દિને | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા યુગદિપસિંહ મહેન્દ્રસિંહ તા. ૨૮-૭ જન્મ દિને | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા દક્ષાબા અરવિંદસિંહ એમ.એ. પાસ થયા તે નિમિત્તે | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા કૈલાશબા અરવિંદસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા જીકુલા અજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા યશપાલસિંહ મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા હંસરાજસિંહ પૃથ્વીરાજસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૨૦૦/- | અ.નિ. વાઘેલા મહેન્દ્રસિંહ | ગોધાવી |
| | ભાવુભા ૧૪ મી માસિક પુણ્ય તિથિ નિમિત્તે | |
| ૧૦૦/- | વાઘેલા છત્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૦/- | વાઘેલા રવિરાજસિંહ છત્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૦/- | પટેલ જસુભાઈ નારણભાઈ ૧૫-૬ જન્મ દિને | ખેરોલ |
| ૧૦૦/- | પટેલ મોહિની ચિરાગભાઈ તા. ૨૮-૬ જન્મ દિને | ખેરોલ |
| ૨૦૦/- | પટેલ હરિશભાઈ કાશીભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | લસુન્દ્રા |
| ૧૦૧/- | પટેલ પોંચીદાસ જીવીદાસ શ્રીજી પ્રસન્નાર્થે | વડુ |
| ૧૦૦/- | પ્રજાપતિ પ્રવિણભાઈ શંભુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ચાણસ્મા |
| ૧૦૦/- | અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્યતિથિ નિમિત્તે | ટાંકીયા |
| ૧૦૦/- | પટેલ જીની અને સાલવી રીંગસેરેમરી નિમિત્તે | બાયડ |
| ૧૦૦/- | મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૦/- | મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૦/- | પટેલ મેહુલકુમાર રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે | માંડલ |
| ૧૦૦/- | પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પરઢોલ |
| ૧૦૦/- | પટેલ જગદીશભાઈ હેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પરઢોલ |
| ૧૦૦/- | પટેલ અમીબેન રજતકુમાર | ખણુંસા |
| | ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ મિત પ્રણવભાઈ સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે | બાવળા |
| ૧૦૦/- | પટેલ કિરણભાઈ ભીખુભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | બાવળા |

| | | |
|---|---|---|
| ૫૦૦/- | સિંધવ રણછોડભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વણી |
| ૧૦૦/- | પટેલ સંજયભાઈ પશાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | લવારપુર |
| ૫૦૦/- | પટેલ મીતાબેન વિઠ્ઠલભાઈ | |
| | ચિ. રાજવી ને ત્યાં ભાણા વિહાનના કેનેડામાં જન્મ પ્રસંગે | |
| ૧૦૦/- | પટેલ રમણલાલ ગોવિંદલાલ શ્રીજી પ્રસન્નાર્થે | વક્તાપુર |
| ૧૦૦/- | પટેલ રતિલાલ કે. શ્રીજી પ્રસન્નાર્થે | બોપલ |
| ૧૦૧/- | ડાભી પૂનબા યોગેન્દ્રસિંહ અનંતસિંહ | ડાંગરવા |
| | ચિ. કૃષ્ણરાજસિંહના નામકરણ નિમિત્તે | |
| ૧૦૧/- | જાદવ દિવ્યાબેન ધીમંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મોરબી |
| ૨૦૦/- | ઠક્કર ચંદ્રિકાબેન મયુરભાઈ પુલ્હાશ્રમ યાત્રા નિમિત્તે | ગાંધીનગર |
| ૨૦૦/- | સિંધવ રામુભાઈ ભગવાનભાઈ | બળોલભાલ |
| | દીકરના પુત્રની સગાઈ નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ખેરોલ |
| ૧૦૦/- | પટેલ કૈલાસબેન ધનજીભાઈ જન્મ દિને | લવારપુર |
| ૫૦૦/- | પટેલ રજનીકાંત રાવજીભાઈ | અંબાપુર |
| | શ્રી નરનારાયણદેવની કૃપાથી ઘઉંના સારા પાક નિમિત્તે | |
| ૧૦૧/- | પંચાલ નીતાબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | જાનવડ |
| ૧૦૦/- | પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે | જાનવડ |
| ૧૦૦/- | ત્રિવેદી ધવલ આર., નવું સ્કુટર નિમિત્તે | કપડવંજ |
| ૧૦૦/- | બ્રહ્મભટ્ટ મૈત્રીબેન વિપુલકુમાર જન્મ દિને | બાયડ |
| ૧૦૦/- | પટેલ યુવરાજકુમાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૦/- | પટેલ સંસ્કાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૦/- | સોની પુષ્પાબેન ઈન્દ્રવદન ઘૂંટણની સફળ સર્જરી નિમિત્તે | નારણપુરા |
| ૧૦૧/- | પટેલ યાસીન બાબુલાલ નવા મકાન નિમિત્તે | માણસા |
| ૫૦૦/- | પટેલ અશ્વિનભાઈ રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અડાલજ |
| ૫૦૦/- | પટેલ હસુબેન ચિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પોર |
| ૨૦૦/- | અ.નિ. પટેલ વિક્રમભાઈ વિઠ્ઠલભાઈ | અંબાપુર |
| | તા. ૨૪-૬ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે | |
| ૧૦૦/- | મોદી નિમેશકુમાર હસમુખભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે | ભરૂચ |
| ૧૦૧/- | ડૉ. ભાગર્વ સી. પટેલ નવી ગાડી લીધી તે નિમિત્તે | લીલાપુર |
| ૧૦૦/- | પટેલ મનવી રાજેન્દ્રકુમાર જન્મ દિને | આનંદપુરા |
| ૧૫૧/- | ડૉ. કૌશિક દેવજીભાઈ રાવળ | બળોલવાળા |
| | ચિ. પુત્ર મંત્રના પ્રથમ જન્મ દિને | |

## અક્ષરવાસ

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃધ્ધ સંત સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી ગુરુ ગવૈયા સ્વામી કેશવજીવનદાસજી (સાપાવાડા મંદિર મહંતશ્રી) તા. ૮-૩-૨૦૧૯ ના રોજ શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા સાપાવાડા ગામે અક્ષરનિવાસી થયા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સ.ગુ. બ્રહ્મચારી શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશાનંદજી ગુરુ સ.ગુ. બ્ર. સ્વામી બાલકૃષ્ણાનંદજી (જેઓએ શ્રી નરનારાયણદેવની સેવા પૂજા ઘણા વરસ કરેલી) તા. ૭-૪-૨૦૧૯ ના રોજ શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા અમદાવાદના સ.ગુ. મહંત શા. સ્વા. હરિૐપ્રકાશદાસજીના દાદા ગુરુ સ.ગુ. સ્વામી હરિપ્રકાશદાસજી (ઉ.વર્ષ ૯૧) (ગઢપુર) ચૈત્ર વદ અમાસને શનિવાર તા. ૪-૫-૨૦૧૯ ના રોજ નારણપુરા મંદિરમાં શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.








૧. પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને પુષ્પાભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.
૨. ધોળકા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અભિષેક તથા અન્નકૂટ દર્શન. ૩. મોડાસા (નાવંદા-૨) મંદિરના એકાદશીના દિવસે શ્રી ઘનશ્યામ મહિલા મંડળ દ્વારા આમ્રોત્સવ. ૪. વિહોજ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અભિષેક કરતા મહેસાણા મંદિરમાં મહંત સ્વામી. ૫. બાકરોલ મંદિરમાં સત્સંગ સભાનો લાભ લેતા હરિભક્તો.
૬. દહેગામ મંદિરમાં સત્સંગ સભાનો લાભ લેતા હરિભક્તો

Registered under RNI is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020











૧. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં બ્રિટીશ હાઈકમિશ્નરે સજોડે મુલાકાત લીધી તે વેળાએ આપણા સંપ્રદાય વિષે માહિતગાર કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. ન્યુઝીલેન્ડ મંદિરના ૧૧માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના દર્શન.
૩. સ્વીડનમાં યુવા કેમ્પમાં યુવા હરિભક્તો સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૪. એડમીન્ટન-કેનેડા આપણા મંદિરમાં આમ્રોત્સવ.૫. ભારતમાં ભાજપના વિજયને સીનેમીન્સન (ન્યુજર્સી) સહિત વિદેશોના મંદિરોમાં પણ વધાવવામાં આવ્યો હતો.

www.swaminarayan.in info@swaminarayan.in

Daily Darshan Whatsapp no. **+91 9909 967104**

**Follow Us @ nndkalupurmandir**

Praful Kharsani